

વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર;
જ્ઞાતાનું તલ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

કહાન સંવત-૯ □ (૫૪૫) ❊ આત્મધર્મ ❊ (અંક-૯ વર્ષ-૪૫) □ વીર સં. ૨૫૧૫ માર્ચ, ૧૯૮૯

* ચાલો સોનગઢ *

* ચાલો સોનગઢ ચાલો સોનગઢ *

* આપણું સોનગઢ... આપણું સોનગઢ... આપણું સોનગઢ *

* આપણા ગુરુદેવની જન્મ-શતાબ્દી... આપણા ગુરુદેવની જન્મ-શતાબ્દી... *

* આપણો પ્રસંગ...આપણા સૌભાગ્યનો પ્રસંગ...આપણા આંગણે પ્રસંગ *

* ચાલો...ચલો...ચાલો...સોનગઢ ચાલો... *

* જન્મ-શતાબ્દી ઉજવવા ચાલો... *

[ કહાનગુરુ જન્મશતાબ્દી મહોત્સવ, તા. ૨૯-૪-૮૯ થી તા. ૭-૫-૮૯ ]

જિનાગમમાં કહ્યું છે કે અનાદિકાળના ભવભ્રમણમાં જીવને જિનવરસ્વામી અને સમ્યક્ત્વ એ બે મળ્યા નથી...પરંતુ આપણા સૌના સદ્‌ભાગ્યે, એ પરમ દુર્લભ સમ્યક્ત્વની પ્રાપ્તિનો માર્ગ અત્યંત સ્પષ્ટપણે ને સરળપણે સમજાવનાર, સમ્યક્ત્વની દેશનાલબ્ધિનું બળવાન કારણ, જિનવર-લઘુનંદન, કૃપા સાગર ગુરુદેવશ્રીનો આ પંચમકાળે આપણને ભેટો થયો: જાણે કે અનાદિકાળના ભવભ્રમણના અંત માટે જિનવરસ્વામી અને સમ્યક્ત્વ એ બંને આપણને મળી ગયા....! આપણા એ દુર્લભ સૌભાગ્યની શી વાત ! !

અનંતવાર સમવસરણમાં જઈને પણ 'કેવળી આગળ રહી ગયો કોરો' એવો જીવ જેમના પરમ પ્રતાપે સમ્યક્ત્વની ભાવના ભાવતો થયો એ પરમ તારણહાર પોતાના વ્હાલા ધર્મપિતાનો જન્મશતાબ્દીનો અભૂતપૂર્વ, મંગળ પ્રસંગ પોતાના જીવનમાં જ આવ્યો—એ પણ પોતાનું પરમ સૌભાગ્ય છે. આપણા ઉપર જેઓશ્રીનો અનંત અનંત ઉપકાર વર્તી રહ્યો છે એવા આપણા જીવન-સર્વસ્વ ધર્મપિતાનો ૧૦૦ મો જન્મદિન ઉજવવાનું સૌભાગ્ય આપણા જીવનમાં પહેલી ને છેલ્લીવાર પ્રાપ્ત થઈ રહ્યું છે ત્યારે મુમુક્ષુહૃદયમાં આનંદોલ્લાસનો સાગર ઉછળવા લાગે તે સ્વાભાવિક છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૩ ]

કહાન
સંવત-૧૦
વર્ષ-૪૫
અંક-૯
[ ૫૪૫ ]




વીર
સંવત
૨૫૧૫
સં. ૨૦૪૫
March
A. D. 1989

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માનો આદેશ

[ શ્રી સમયસારજી ગાથા ૨૩ થી ૨૫ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

અહીં ગાથા ૨૩ થી ૨૫ ની ટીકામાં આચાર્યદેવ કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છે તેની સાથે આ રાગ, પુણ્ય–પાપ આદિનો ભાવ અનાદિ સંબંધે રહ્યો છે પણ એ તો પુદ્‌ગલસ્વભાવ છે. તેનો જે અનુભવ થાય છે તે પુદ્‌ગલનો અનુભવ છે, દુઃખનો અનુભવ છે. માટે હવે તો તેને છોડ! આ મનુષ્યભવ મળ્યો, સત્સમાગમ મળ્યો હવે તો આ રાગનો અનુભવ છોડ!

પુણ્ય-પાપના વિકલ્પો એ દુઃખરૂપ અને ઝેર સમાન છે. તેનો અનુભવ તે જડનો અનુભવ છે તેને હવે તો છોડ. કેમ? કે જેણે સમસ્ત સંદેહ, વિપર્યય, અનધ્યવસાય દૂર કરી દીધા છે અને જે વિશ્વને પ્રકાશવાને એક અદ્વિતીય જ્યોતિ છે એવાં સર્વજ્ઞ-જ્ઞાનથી પ્રગટ કરવામાં આવેલ નિત્ય ઉપયોગ–સ્વભાવરૂપ જીવદ્રવ્ય તે કેવી રીતે પુદ્‌ગલદ્રવ્ય થઈ ગયું કે જેથી તું 'આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છે?

સર્વજ્ઞ ભગવાન કેવા છે કે જેને સમસ્ત સંદેહ–આમ હશે કે તેમ એવી શંકા, વિપરીતતા કે કંઈક હશે એવા અનધ્યવસાય દૂર થયા છે અને જે આખા વિશ્વને પ્રકાશનાર અદ્વિતીય જ્યોતિરૂપ છે એવા સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે કે નિત્ય ઉપયોગસ્વભાવી આત્મા અને રાગ ત્રિકાળ ભિન્ન છે. નિત્ય જ્ઞાનાનંદ સ્વભાવથી રાગ તદ્દન ભિન્ન છે.

આત્મા કેવો છે? કે નિત્ય જાણવા-દેખવાના વ્યાપારવાળો છે. તેનો નિર્ણય પર્યાયમાં થાય છે પણ વસ્તુ તો ત્રિકાળ ઉપયોગરૂપ છે. આવો જે નિત્ય-ઉપયોગરૂપ સ્વભાવ છે તે કઈ રીતે પુણ્ય-પાપના રાગરૂપ થાય? જાણવા-દેખવાના ઉપયોગમય વસ્તુ છે તે રાગરૂપે

કેમ થાય? રાગ તો પુદ્‌ગલ–અચેતન છે અને આત્મા ચૈતન્ય છે તે બંને એક કેમ થાય? ન થાય. આત્મા શરીરરૂપ તો ન થાય પણ રાગરૂપે પણ આત્મા થતો નથી.

જુઓ! અહીં તો શુભ–અશુભભાવને પણ પુદ્‌ગલ–અજીવ કહ્યાં છે. ભગવાન સર્વજ્ઞદેવે આત્માને જાણવા-દેખવાના ઉપયોગસ્વભાવે જોયો છે; તે અજાણ એવા રાગાદિરૂપે કેમ થાય! સમજાય છે કાંઈ? આવું સમજવું કઠણ પડે, એટલે માણસ પછી બહારમાં દોરાઈ જાય. મારગ જુદો છે ભાઈ! ચૈતન્યસ્વરૂપ આત્માના ભાન વગરના વેષ બધાં નકામાં છે. ચૈતન્યસ્વરૂપના આનંદનો અનુભવ થાય તે સમ્યગ્દર્શન છે. ઉપયોગની દશામાં આત્માની પ્રતીતિ થાય તે સમ્યગ્દર્શન છે તેના વગરના વ્રત, તપાદિ બધાં પુદ્‌ગલ છે.

સર્વજ્ઞભગવાને નિત્ય જ્ઞાન-દર્શન ઉપયોગ સ્વભાવે જ આત્માને જાયો છે. ઉપયોગ એ જ દ્રવ્યનો સ્વભાવ છે. પુણ્ય-પાપ રાગ એ દ્રવ્યનો સ્વભાવ નથી. એ તો વિભાવ છે. ઉપયોગસ્વભાવ તે જ આત્મા છે. રાગસ્વભાવ તે પુદ્‌ગલ છે.

જેનાં સંદેહો ટળી ગયા છે. વિપરીતતા ટળી ગઈ છે અને અચોક્કસતા નાશ પામીને નિઃસંદેહ, સવળો અને ચોક્કસ ભાવ પ્રગટ થયો છે એવા સર્વજ્ઞભગવાને આત્માને નિત્ય ઉપયોગસ્વભાવી જોયો છે. તો જેમાં જ્ઞાન, દર્શન, શાંતિનો અંશ પણ નથી એવા રાગાદિરૂપે આત્મા કેમ થાય? નિત્ય ઉપયોગસ્વભાવી આત્મા પુદ્‌ગલરૂપે થતો જ નથી છતાં તું કેમ 'આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે' એમ અનુભવે છો? પુણ્ય-પાપના ભાવ પુદ્‌ગલદ્રવ્યના નિમિત્તે થયા છે માટે તે પુદ્‌ગલદ્રવ્ય જ છે. જીવ તો ત્રિકાળ જાગૃતસ્વભાવી છે તે અજાગૃત સ્વભાવે કેમ થાય!

જુઓ! શરીરની ભિન્નતાની વાત તો લીધી જ નથી કેમ કે એ તો ભિન્ન છે જ. શરીરરૂપે તો આત્મા ન થાય પણ અતિ નિકટ એવા વિભાવભાવરૂપે પણ આત્મા થતો નથી. વ્રત, તપાદિના રાગાદિભાવ એ પણ બધાં અચેતન પુદ્‌ગલ છે. તો એ પુદ્‌ગલરૂપે ચૈતન્ય કેમ થાય!

આ તો અંતરની વાતો છે. બહારથી પકડાય તેવી વાત નથી.

શુભ અશુભભાવ — દયા, દાન, કામ, ક્રોધાદિ ભાવો કે જેમાં જ્ઞાનની ગંધ નથી, જે અંધકારરૂપ છે તે-રૂપે આત્મા કેમ થાય? પ્રકાશમય ભગવાન અંધારારૂપે કેમ થાય?

સંતોએ બહુ સાદી અને સરળ ભાષામાં તત્ત્વ જાહેર કર્યું છે.

હવે અહીં દૃષ્ટાંત આપીને સમજાવે છે કે જો કોઈ પણ રીતે જીવદ્રવ્ય–જ્ઞાન–દર્શનસ્વભાવ સંપન્ન પ્રભુ પુદ્‌ગલદ્રવ્યરૂપ થાય અને પુદ્‌ગલદ્રવ્ય જીવરૂપ થાય તો જ મીઠામાંથી પાણી અને પાણીમાંથી મીઠું થાય છે એવા અનુભવની જેમ જીવ પણ રાગાદિ પુદ્‌ગલરૂપ થાય. પણ જીવ પોતાના જ્ઞાન-દર્શન ઉપયોગ–સ્વભાવને કદી છોડતો જ નથી.

માટે પુદ્‌ગલરૂપ થતો નથી. મીઠું પાણીરૂપ થાય છે તેમ, ચૈતન્યલક્ષણ જીવ કદી અચેતન-લક્ષણ રાગાદિરૂપ થતો નથી. જેમ પ્રકાશ અંધકારરૂપ થતો નથી તેમ ચૈતન્ય રાગરૂપ થતો નથી.

જો ઉપયોગસ્વભાવી આત્મા રાગદ્વેષરૂપ થઈ જતો હોય તો તો રાગ-દ્વેષને તું તારા માન એ બરાબર છે પણ આત્મા કદી વિભાવરૂપ થતો જ નથી માટે તેને મારા માનવા એ અજ્ઞાન છે. આત્મા જાણનદેખન સ્વભાવી વિજ્ઞાનઘન છે તે જેમ મીઠું ઓગળીને પાણી થાય તેમ વિજ્ઞાનઘન સ્વભાવ ઓગળીને પુણ્ય-પાપરૂપ થતો નથી.

આ અત્યંત અપ્રતિબુદ્ધ જીવને સમજાવવા માટે આચાર્યદેવ કહે છે હે દુરાત્મન્‌! આત્માનો ઘાત કરનાર! તું તારા અસ્તિસ્વભાવે ટકતો હોવા છતાં હું રાગરૂપ છું એમ કરીને આત્માનો ઘાત કરે છો. તું રાગમાં ખુશીપણું માને છે પણ સુખસ્વરૂપ તો આત્મા પોતે છે તે શું રાગરૂપ થાય છે કે જેથી તને રાગમાં ખુશી લાગે છે? રાગ તો પુદ્‌ગલ–અજીવ છે તે જીવરૂપ થાય અને જીવ અજીવરૂપ થાય એમ ત્રણકાળમાં કદી બને નહિ.

આ તો ધીરાના કામ છે ભાઈ!

ખારાપણું અને પ્રવાહીપણાને સાથે રહેવામાં અવિરોધ છે. તેમાં કોઈ બાધા નથી. તેવી રીતે જાણવા-દેખવાના લક્ષણવાળું જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્યને એકરૂપ થવામાં અવિરોધ નથી–વિરોધ છે. જીવ–વિજ્ઞાનઘનસ્વભાવ આત્મા પુદ્‌ગલદ્રવ્યરૂપ થતો નથી અને અને પુદ્‌ગલ આત્મારૂપ થતું નથી. પુણ્ય-પાપ, રાગાદિ ભાવોનો નિત્ય અનુપયોગસ્વભાવ છે અને આત્મા નિત્ય ઉપયોગસ્વભાવ છે એ ચીજ જ તદ્દન ભિન્ન છે. તો પછી રાગ કરતાં કરતાં ધર્મ ક્યાંથી થાય? વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય કદી ન થાય.

રાગના વેપારથી ભગવાન આત્માનો વેપાર ભિન્ન છે એવું ભેદજ્ઞાન થાય તેને આત્મજ્ઞાન કહેવાય છે. આવા ભેદજ્ઞાન વગરના વ્રત, તપ આદિ બધાં ક્રિયાકાંડ એકડાં વગરના મીંડા છે.

જેમ પ્રકાશ અને અંધકારને સાથે રહેવામાં વિરોધ છે. તેમ ઉપયોગ અને અનુપયોગને સાથે રહેવામાં વિરોધ છે. સાથે રહેવામાં એટલે એકરૂપ થઈને રહેવામાં વિરોધ છે. જ્યાં જ્ઞાન છે ત્યાં જ રાગ થાય તેનો વિરોધ નથી પણ જ્ઞાન અને રાગ એક થઈ જતાં નથી. જડ અને ચેતન કદી પણ એક થઈ શકે નહિ. પુણ્ય-પાપના ભાવ–જેમાં વ્યવહારરત્નત્રયના ભાવ પણ આવી જાય તે બધાં અનુપયોગલક્ષણ અચેતન છે અને ભગવાન આત્મા નિત્ય ચૈતન્યલક્ષણ છે. ચેતન અને અચેતન કદી એક થઈને રહે નહિ.

આમ સમજાવીને હવે આચાર્યદેવ કહે છે કે આ રીતે તને સર્વથી ભિન્ન તારા સ્વરૂપની પ્રસિદ્ધિ કરી. માટે હવે તું સર્વ પ્રકારે પ્રસન્ન થા. આનંદમાં આવી જા કે

મારી ચીજ કદી રાગરૂપે થઈ જ નથી. કેમ કે ચેતન કદી જડરૂપે થાય નહિ અને જડ ચેતનરૂપે થાય નહિ. ભગવાન આત્મા રાગરૂપે થયો જ નથી. સ્વરૂપરૂપે જ રહ્યો છે.

નિગોદ આદિથી માંડીને ભલે સર્વ સંસારીજીવોને રાગાદિ હો પણ ચૈતન્ય જાગૃત-સ્વરૂપ આત્મા રાગરૂપે થતો નથી માટે પ્રસન્ન થા કે હું તો જેવો છું તેવો શુદ્ધ જ છું. મારી પૂંજી કોઈ દી બગડી નથી એમ ખુશી થા. ચૈન્ય કદી જડ થતો નથી માટે સંદેહ છોડ કે હું રાગી, દ્વેષી, મોહી થઈ ગયો છું.

આવી ઝીણી વાત છે શેઠ! કોઈ દિવસ સાંભળી પણ નહિ હોય. જાણન-દેખન પ્રકાશનો પૂર પ્રભુ કદી રાગાદિના અંધકારરૂપ થયો નથી. એવા તારા સ્વભાવને અંતરમાં જો અને આનંદ લાવ! ચારે બાજુથી તું છૂટો છો, તેને છૂટા તરીકે જો તો તને અંદરથી આનંદ આવશે. મારી ચીજ તો અનાદિથી આવી ને આવી એકરૂપ છે. ત્રિકાળ જ્ઞાન અને આનંદરૂપ છે એવું જ્ઞાન થવું તે સમ્યક્ જ્ઞાન છે.

અરેરે, હું દુઃખી છું, હું સંસારી છું એમ કરીને તું દુઃખી ન થા, પ્રસન્ન થા. સંસારમાં રખડવાના ભાવરૂપે ચૈતન્ય થયો જ નથી. રાગ-દ્વેષ, મોહના ભાવરૂપે જીવ થયો જ નથી માટે તું પ્રસન્નતા બતાવ! એકવાર રાજી થઈને અંદરમાં જો કે તારું તત્ત્વ એવું ને એવું જ છે. આત્માનું અમૃતસ્વરૂપ કદી મૃત્યુ પામ્યું જ નથી. રાગરૂપ થયું જ નથી.

સૂર્યનું કિરણ કદી કાળું હોય? ન હોય. તેમ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે પણ અરૂપી સૂર્ય છે તેની તરફ તારી નજર કદી ગઈ નથી એટલે તેને આચ્છાદિત લાગે છે—રાગરૂપ—અંધકારરૂપ લાગે છે. ચૈતન્યસૂર્યમાંથી આનંદ અને જ્ઞાનના જ કિરણ નીકળે છે. માટે તું સર્વ પ્રકારે પ્રસન્ન થા! જાગૃતસ્વભાવી આત્મા કદી અજાગૃતરૂપ થયો નથી, થતો નથી અને થવાનો નથી માટે એકવાર ખુશી થઈ જા. મારો ભગવાન રાગથી નિરાળો એવો ને એવો જ રહ્યો છે. પ્રાપ્તની પ્રાપ્તિ કરવાની છે. વસ્તુ અપ્રાપ્ત નથી.

આત્મા જેવા સ્વરૂપે છે તેની દૃષ્ટિ કર તો તને ખબર પડશે કે હું તો ત્રિકાળ જ્ઞાયકપણે જ રહ્યો છું. ભાન થતાં જ તને ખબર પડશે કે હું તો જ્ઞાયક છું. માટે જ્ઞાનમાં નિર્મળતા પ્રગટ કરી—ઉજ્જવળતા લાવી સાવધાન થા અને સ્વદ્રવ્યને જ આ મારું છે એમ અનુભવ!

મારો સ્વભાવ આનંદ અને જ્ઞાનમય છે એ જ મારું દ્રવ્ય છે એવા સ્વદ્રવ્યનો અનુભવ કર! જ્ઞાનની પર્યાયને દ્રવ્ય તરફ વાળ! શરૂઆત કર તો પૂર્ણતા થશે. રાગથી ભિન્ન આત્માનો અનુભવ કર તો કેવળજ્ઞાન થશે. પણ રાગથી ભિન્ન થયા વગર મને કેવળજ્ઞાન ક્યારે થશે એ પ્રશ્ન જ જૂઠો છે. ચૂલો કર્યા વગર રસોઈ ક્યારે થશે એ પ્રશ્ન જ ન હોય.

જેની સાથે દર્શન અને જ્ઞાન જોડેલાં છે એવા આત્મા સાથે રાગનું એકત્વ કેમ થાય? સંવર અધિકારમાં આવે છે ને! રાગ અને આત્માને આધાર–આધેય સંબંધ નથી. ત્રિકાળી ગુણોને દ્રવ્યનો આધાર છે. રાગને આત્માનો આધાર નથી.

અરે, પોતે ભગવાન આત્મા છે છતાં પ્રમોદ લાવીને તેણે પોતાની વાત સાંભળી નથી. જ્ઞાન-દર્શનમય આત્મામાંથી જ્ઞાન-દર્શન થાય પણ રાગ ન થાય. આ તો બધી ન્યાયથી બેસે તેવી વાત છે. કુંદકુંદ આચાર્યે કેવળીના પેટ ખોલીને વાત કરી છે. ગજબ શૈલી છે.

વસ્તુ છે તે કદી અવસ્તુ થાય? રાગ તો નિશ્ચયથી અવસ્તુ છે તો આત્મા-વસ્તુ, રાગ-અવસ્તુરૂપે કેમ થાય?–ન થાય. માટે હે શિષ્ય! હું રાગરૂપે થયો છું એવી માન્યતા છોડી, જ્ઞાનમાં ઉજ્જવળતા કરી સ્વભાવ પ્રત્યે સાવધાન થા. તારે ધર્મ કરવો હોય તો આટલું કર! રાગની સાવધાની છોડી સ્વભાવમાં સાવધાન થા! બસ આટલું કરવાનું છે. આ ક્રિયા તે ધર્મની ક્રિયા છે પણ જીવોને આ ક્રિયાનું માહાત્મ્ય આવે નહિ અને શરીરની ક્રિયાથી ધર્મ થાય એમ માને તેને આ વાત બેસવી કઠણ પડે છે.

રાગથી ભિન્ન પડવું એ જ કરવાનું કાર્ય છે તેમાં વચ્ચે દેવ-શાસ્ત્ર-ગુરુનો, દયા-દાન આદિનો રાગ આવે છે તે આવ્યા વગર રહે નહિ. પણ તે મારું કાર્ય છે અને હું તેનો કર્તા છું એવી માન્યતા ન હોય.

ત્રિકાળી આનંદના નાથને દુઃખનું કાર્ય ન હોય. સ્વભાવને વિભાવનું કાર્ય ન હોય —એટલે સ્વભાવ વિભાવનો કર્તા ન થાય અહા! સ્વભાવનું કાર્ય એ તારું કાર્ય છે. રાગ તારું કાર્ય નથી એવો સંતોનો ઉપદેશ છે. તું રાગ કર! એવો સંતોનો ઉપદેશ ન હોય. અજ્ઞાની જીવ પુદ્‌ગલદ્રવ્યને પોતાનું માને છે તેને ઉપદેશ આપી સાવધાન કર્યો છે. જડ અને ચૈતન્ય દ્રવ્ય સર્વથા ભિન્ન ભિન્ન છે. કદાપિ એકરૂપ નથી થતાં એમ સર્વજ્ઞે દીઠું છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માએ એમ દીઠું છે કે નિત્ય ઉપયોગલક્ષણ જીવદ્રવ્ય કદી અનુપયોગલક્ષણ રાગરૂપે થતો નથી અને થશે નહિ. આમ તું જો, ત્યારે તું સમકિતી—ધર્મી થઈશ. માટે હે અજ્ઞાની! તું પરદ્રવ્યને એકરૂપ માનવું છોડી દે. રાગથી લાભ માનવો તે પ્રકાશને અંધકારથી લાભ થવા જેવી જૂઠી માન્યતા છે તેને તું છોડી દે. વૃથા માન્યતાથી હવે બસ થાવ!

ભગવાન ચૈતન્યસત્તા ધ્રુવધામ બિરાજે છે તેમાં રાગનો પ્રવેશ નથી અને રાગમાં ચૈતન્યનો પ્રવેશ નથી માટે એમ સમજીને વૃથા માન્યતાને દૂર કર. રાગ મારો અને રાગથી મને લાભ, એવી જૂઠી માન્યતાથી બસ થાવ.

—૦—

# સિદ્ધ સમાન સંસારી જીવો જાણ

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

જેવા સિદ્ધભગવંતો છે તેવા જ જીવો શક્તિએ છે. સંસારી દશામાં થતો વિકાર એક સમયનો છે. બે સમયનો વિકાર કોઈને પણ ભેગો થતો નથી. જો જીવ વિકારને મુખ્ય કરે તો સ્વભાવનો અનાદર થઈ જાય છે ને એક સમયના વિકારને ગૌણ કરી ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરે તો ધર્મ દશા પ્રગટે છે.

આ શુદ્ધભાવ અધિકાર છે. શુદ્ધભાવ એકરૂપ અનાદિ-અનંત છે. તેનાં શ્રદ્ધા-જ્ઞાન કર તો ધર્મદશા પ્રગટ થાય તેમ છે. ત્રિકાળી શુદ્ધભાવ સંસારી અને સિદ્ધમાં સમાન છે, કાંઈ ફેર નથી એ વાત ગાથા ૪૭ માં બતાવેલ છે.

હવે ૪૭ મી ગાથાની પૂર્ણતા કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :—

શ્લોકાર્થ :—જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે. તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ? ( તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી. ) ૭૧.

**સુબુદ્ધિ ને કુબુદ્ધિના પર્યાયમાં ફેર છે. તેમનો ત્રિકાળી સ્વભાવ તો એકરૂપ શુદ્ધ છે, તે શુદ્ધભાવ ઉપર દૃષ્ટિ કર.**

સુબુદ્ધિ એટલે સમ્યગ્દૃષ્ટિ. જે જીવ વસ્તુનું સ્વરૂપ યથાર્થ સમજે છે અર્થાત્ શરીરાદિ પર છે, એક સમયનો વિકાર તે પર્યાયમાં થાય છે, તે મારું સ્વરૂપ નથી, વિકારને કારણે દ્રવ્યકર્મ બંધાય છે, એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પર્યાયમાં છે, શુદ્ધ-સ્વભાવમાં એવો સંબંધ નથી હું તો ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ છું.-એવું ભાન થયું છે તેને સુબુદ્ધિ કહે તે; તેને સાચી બુદ્ધિ ઉત્પન્ન થઈ છે. તેનો મૂળસ્વભાવ–શુદ્ધભાવ તો એવો ને એવો જ શુદ્ધ છે, તે નવો શુદ્ધ થયો નથી.

કુબુદ્ધિ એટલે મિથ્યાદૃષ્ટિ. જે જીવ વસ્તુનું સ્વરૂપ સમજતો નથી ને પરથી તથા એક સમયના વિકારથી લાભ માને છે તથા ત્રિકાળી સ્વભાવને સમજતો નથી તે કુબુદ્ધિ છે. તેનો કાયમી સ્વભાવ એવો ને એવો શુદ્ધ પડયો છે.

સુબુદ્ધિના એક સમયના પર્યાયને તથા કુબુદ્ધિના એક સમયના મિથ્યાત્વ પર્યાયને ગૌણ કરી જોવામાં આવે તો બન્નેના સ્વભાવમાં કાંઈ ભેદ નથી; એકરૂપ શુદ્ધ ભાવ પડયો છે. સોનામાં તાંબાનો મેલ હોય ત્યારે પણ સોનું તો સોનું જ છે ને તાંબુ નીકળી ગયું ત્યારે પણ સોનું તે સોનું જ છે. તેમ સમ્યગ્દૃષ્ટિ હોય કે મિથ્યાદૃષ્ટિ હોય–બન્નેનો

સ્વભાવ તો શુદ્ધ જ છે. તેમના સ્વભાવમાં કાંઈ ખરેખર તફાવત નથી.

અહીં દ્રવ્યદૃષ્ટિ કરાવે છે — ધર્મ પ્રગટવાનું કારણ કોણ છે? ધર્મ અને આનંદ વિકારમાંથી કે પર્યાયમાંથી આવતો નથી પણ વસ્તુસ્વભાવ અસ્તિરૂપે છે તેમાંથી આવે છે, માટે પર્યાય ઉપરનું લક્ષ છોડ. અનંતકાળથી અજ્ઞાન સેવ્યું હોય ને સત્‌નો વિરોધ કર્યો હોય તો તે પણ પર્યાયમાં છે ને કોઈ સિદ્ધ થયો હોય તો તે પણ પર્યાયમાં છે, માટે બન્નેના પર્યાય ઉપરનું લક્ષ છોડી નિગોદ ને સિદ્ધમાં એકરૂપ શુદ્ધભાવ પડયો છે તેના ઉપર દૃષ્ટિ કર. શુદ્ધકારણસ્વભાવભાવ જ ધર્મનું કારણ છે.

અશરીર ને અવિનાશ છે, નિર્મળ અતીન્દ્રિય શુદ્ધ છે,
જયમ લોક અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.

અન્વયાર્થ :— જયમ લોકાગ્રે સિદ્ધ ભગવંતો અવિનાશી, અતીન્દ્રિય, નિર્મળ અને વિશુદ્ધાત્મા (વિશુદ્ધસ્વરૂપી) છે તેમ સંસારમાં (સર્વ) જીવો જાણવા. ૪૮.

એક સમયના પર્યાયને ગૌણ કરીને જોવામાં આવે તો

## કાર્યસમયસાર ને કારણસમયસારમાં ભેદ નથી.

ટીકા :—વળી, આ કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.

પ્રગટ પર્યાય અપેક્ષાએ સિદ્ધ તથા સંસારીમાં ઘણો ફેર છે એવા શાસ્ત્રમાં ઘણાં લખાણ આવે અને અહીં તફાવત નથી એમ કેમ કહ્યું? ભાઈ! એ બધું વર્ણન પર્યાયનું છે અને એક સમયના પર્યાયને ગૌણ કરી નાખો તો કાંઈ ફેર નથી એમ બતાવવું છે.

**કાર્યસમયસાર :**— જેણે પોતાનું કાર્ય એટલે પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટ કરી છે તેવા સિદ્ધભગવંતોને કાર્યસમયસાર કહે છે. સિદ્ધ, કાર્યસમયસાર, કાર્યશુદ્ધજીવ, કાર્યભગવાન ઇત્યાદિ એકાર્થ છે.

**કારણસમયસાર :**—કારણશુદ્ધઆત્મા જે શુદ્ધ આત્માના આશ્રયે મોક્ષરૂપી કાર્ય પ્રગટે છે તેને કારણસમયસાર કહે છે. કારણસમયસાર, કારણશુદ્ધઆત્મા, કારણશુદ્ધભાવ, કારણપરમાત્મા, ત્રિકાળી શુદ્ધસ્વભાવ, દ્રવ્યદૃષ્ટિનો વિષય, ધ્રુવ, નિત્ય, એકરૂપ, અભેદ સ્વભાવ, કારણ ભગવાન એ બધા એકાર્થ છે.

## દ્રવ્યાર્થિકનયથી સિદ્ધસમાન સંસારી જીવો પણ અશરીરી જ છે.

સિદ્ધ ભગવાન જે લોકના અગ્રે બિરાજે છે તે બાહ્ય ક્ષેત્રની અપેક્ષાએ છે, વાસ્તવમાં તેઓ પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ બિરાજે છે. તેમને પરિપૂર્ણ શુદ્ધ દશા પ્રગટી ગઈ

છે અને તેઓ ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ–એ પાંચેય શરીર રહિત છે. સંસારદશામાં રાગ તથા શરીરનો એક સમય પૂરતો સંબંધ હતો તે સિદ્ધભગવાનને હવે નથી તેથી તેઓ અશરીરી છે.

તેવી જ રીતે સમસ્ત સંસારી જીવોને શુદ્ધનયથી જોવામાં આવે તો તેઓ પણ અશરીરી જ છે. સંસારદશામાં સંસારી જીવોને રાગ સાથે તથા જેને જેટલાં શરીર હોય તેટલાં સાથે એક સમય પૂરતો સંબંધ છે, બે સમયની પર્યાયો ભેગા થતી નથી તેથી એક સમયનો જ સંબંધ કહ્યો છે. તે એક સમયના પર્યાયને ગૌણ કરી જોવામાં આવે તો સંસારી પણ અશરીરી જ છે. શરીરના સંબંધને મુખ્ય કરતાં ચૈતન્ય ગૌણ થઈ જાય છે, ને તે જ સંસાર છે તથા શરીરના સંબંધને ગૌણ કરતાં નથી તેમને ધર્મ થતો નથી; ચૈતન્યને મુખ્ય કરીને શરીરસંબંધને ગૌણ કરવો તે જ ધર્મ છે. કર્મ સાથે એક સમય પૂરતો સંબંધ છે તેને ગૌણ કરતાં આત્માને કાર્મણશરીરનો પણ સંબંધ નથી.

**પ્રશ્ન** :—કર્મનો ઉદય આવે ત્યારે વિકાર થાય છે ને ઉદય ટળે ત્યારે વિકાર ટળે છે ને?

**સમાધાન** :—ના; સંસારદશામાં પણ એવો સંબંધ છે જ નહિ. જીવ વિકાર કરી એક સમય પૂરતો પર્યાયમાં ભાવબંધ કરે છે, ત્યારે કર્મના નિમિત્ત કહેવાય છે. અભવ્ય જીવને પણ કર્મના કારણે વિકાર થતો નથી પણ પોતાના અપરાધન કારણે છે. અભવ્ય જીવો અનાદિથી સંસારમાં છે ને અનંતકાળ રહેશે; તેમના ભૂતકાળના સંસાર કરતાં ભવિષ્યના સંસારનો કાળ અનંતગુણો છે. દ્રવ્યસ્વભાવથી જુઓ તો તેમનો આત્મા પણ અશરીરી જ છે. એક સમયના શરીર સંબંધને ગૌણ કરી, વ્યવહાર કહી અભૂતાર્થ કહ્યો છે અને ભૂતાર્થ એવા શુદ્ધ આત્માની દૃષ્ટિ કરાવી છે. જે જીવ સ્વભાવની રુચિ કરે તેને સંસારનો અભાવ થાય છે ને પર્યાયમાં પણ અશરીરી દશાને તે પ્રાપ્ત કરે છે.

( ૨ ) જેમ સિદ્ધને નર, નારકાદિ પર્યાયો નથી માટે તેઓ અવિનાશી છે તેમ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી સંસારી જીવને પણ ભવપર્યાયના ગ્રહણ–ત્યાગ નથી માટે અવિનાશી છે.

નિશ્ચયથી નર નારકાદિ પર્યાયોના ત્યાગ ગ્રહણના અભાવોના લીધે અવિનાશી છે.

સિદ્ધ ભગવંતો અશરીરી દશા મોક્ષ દશા પામ્યા છે, તેથી નર–નારકાદિ ભવરૂપ પર્યાયોના ત્યાગ ગ્રહણ તેમને હોતા નથી. સંસારમાં એક ભવ પછી બીજો ભવ એમ વિનાશરૂપ અવસ્થા પર્યાયમાં હોય છે સિદ્ધમાં રહેતું વિનાશપણું પર્યાયમાં હોતું નથી. તેમને શરીરનું આવવું-જવું હોતું નથી માટે અવિનાશી છે.

તેવી રીતે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો સંસારી જીવો પણ અવિનાશી છે. એમ અત્રે બતાવવું છે.

સંસાર દશામાં જુદાં જુદાં શરીરોનો સંબંધ થાય છે. એક શરીર છોડે ને બીજું ધારણ કરે છે ને કોઈ જીવ વધુ સ્થિતિવાળું એક જ શરીર ધારણ કરે તોપણ તે શરીરના ત્યાગગ્રહણનો સંબંધ એક જ સમયનો છે. કોઈ કહે એક સમય પુરતો પણ સંબંધ નથી જ ને પર્યાયમાં પણ સંસારી જીવ અવિનાશી છે, તો તે વાત ખોટી છે. એક શરીરનું જવું ને બીજા શરીરનું (દેવમાંથી મનુષ્ય આદિ–પ્રકારે) ગ્રહણ કરવું સંસાર દશામાં થાય છે. તેથી તે સંબંધ વિનાશી છે. તે સંબંધ છે ખરો પણ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો તે સંબંધ નથી. સિદ્ધ પર્યાયમાં પણ અવિનાશીપણું રહે છે એટલે સિદ્ધપદ આદિ અનંતકાળ રહે છે. સંસારીના એક સમયની પર્યાયના શરીરના સંબંધને ગૌણ ગણી વ્યવહાર અભૂતાર્થ ગણી ત્રિકાળ સ્વભાવ અવિનાશી છે એવી દૃષ્ટિ કરવી તે ધર્મનું કારણ છે.

"વ્યવહારનય અભૂતાર્થ છે. ભૂતાર્થ શુદ્ધનયના આશ્રયે બોધિબીજ વાવવાથી કેવળજ્ઞાન પ્રગટે છે."

સમયસાર ગાથા ૧૧ માં કહ્યું છે કે વ્યવહારનય અભૂતાર્થ છે ને શુદ્ધનય ભૂતાર્થ છે. એક સમયની પર્યાય–રાગ-દ્વેષ, અજ્ઞાન, સંસાર અભૂતાર્થ કહ્યો એટલે સર્વથા અભાવ છે એમ ન સમજવું. સર્વથા અભાવ હોય તો સંસાર જ ન હોય પણ તે એક સમય પુરતો છે તેને જ જોર આપે તો સંસાર ચાલુ રહે છે. સંસાર પર્યાય ગૌણ કરી, છતી પર્યાયને અછતી કરી, વ્યવહાર ગણી અભૂતાર્થ કહેલ છે. કારણ કે ત્રિકાળી સ્વભાવમાં તે નથી. ત્રિકાળ જ્ઞાનસ્વભાવ શક્તિરૂપ ભંડાર છે. તેનો સ્વીકાર કરવો તે ધર્મનું કારણ છે. આમાં ભૂતાર્થ–શુદ્ધનયના આશ્રયે એટલે કે સ્વભાવના લક્ષે પોતામાં બોધિ-બીજ વાવે તો કેવળજ્ઞાન થયા વિના રહે નહીં. બીજ ઊગે છે ને પૂર્ણિમા થાય છે તેમ પરિપૂર્ણના લક્ષે જે સમ્યગ્જ્ઞાનરૂપી બીજ વાવે છે, તે પરિપૂર્ણ થાય છે. આ બીજ વાવવાની કળા બતાવે છે.

[ ૩ ] "જેમ સિદ્ધ ભગવંતો સહજ કેવળજ્ઞાન વડે યુગપદ્ જાણે છે માટે અતીન્દ્રિય છે, તેમ શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી સંસારી જીવ પણ અતીન્દ્રિય છે."

પરમ તત્ત્વમાં સ્થિત સહજ દર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળા હોવાને લીધે અતીન્દ્રિય છે.

ધ્રુવ સામાન્ય સ્વભાવ અથવા શુદ્ધ કારણપરમાત્માને પરમતત્ત્વ કહેલ છે, તે શુદ્ધ કારણપરમાત્મમાં સહજજ્ઞાનદર્શન આદિરૂપ કારણશુદ્ધસ્વરૂપ તે સિદ્ધભગવંતો તથા કેવળી ભગવંતો કેવળજ્ઞાન વડે બધું જાણે છે, તેમાં કોઈ જાતનો સંશય નથી. આવા સ્વરૂપવાળા હોવાથી સિદ્ધભગવંતો અતીન્દ્રિય છે, તેમ સંસારી જીવોને પણ અહીં

અતીન્દ્રિય કહેવા છે, એક સમય પૂરતો ઇન્દ્રિયોને જ્ઞાન સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે, તેમજ એક સમય પુરતું મિથ્યાજ્ઞાન અથવા અધુરું જ્ઞાન છે પણ તે પર્યાયને ગૌણ કરીએ તો આખો ત્રિકાળી સ્વભાવ અનાદિ-અનંત જ્ઞાન-દર્શનથી ભરેલો પડયો છે. ભવિષ્યમાં પ્રગટ થશે તેની વાત નથી પણ ત્રિકાળને જાણવામાં વર્તમાન સમર્થ છે. એટલે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો સંસારી જીવ અતીન્દ્રિય છે. મને યાદ રહેતું નથી મને ઓછું યાદ રહે છે ને ઉઘાડ ઓછો છે ને વધારે થશે એવી અલ્પજ્ઞતાને ભૂલી જા. તેવો ભેદ વ્યવહારમાં જાય છે. અલ્પજ્ઞતાની એક સમયની પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહી, અભૂતાર્થ કહેલ છે. અનંત જ્ઞાન-દર્શનથી ભરેલા સ્વભાવને ભૂતાર્થ કહીને સંસારી આત્માને પણ શુદ્ધ નિશ્ચયનયથી અતીન્દ્રિય કહ્યો છે.

"અલ્પજ્ઞતા સાથે એકત્વબુદ્ધિ તે સંસારનું કારણ છે. અતીન્દ્રિય સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન ને લીનતા કેવળજ્ઞાનનું કારણ છે."

અહો! આચાર્ય ભગવંતે શુદ્ધ સ્વભાવને બહુ ગાયો છે. આવા શુદ્ધસ્વભાવનાં ગાણાં નિયમસારમાં અદ્દભુત રીતે ગાયાં છે. વસ્તુની મર્યાદા બે પ્રકારની છે. કાં તો ભેદ અથવા અલ્પજ્ઞતા સાથે એકત્વબુદ્ધિ કરી સંસારમાં રખડે અથવા તો ભેદ ને વિકારને ગૌણ કરી ત્રિકાળ સાથે સંબંધ રાખે તો તો ધર્મ પામે. આ બોલમાં કહે છે કે મારું જ્ઞાન ઓછું છે ને વધારે ઉઘાડવું છે એવી ભેદ ઉપરની દૃષ્ટિ છોડ, તે બધું અભૂતાર્થમાં જાય છે. દરેક જીવનો જ્ઞાનસ્વભાવ અતીન્દ્રિય છે તેના સામું જો તેનામાં ત્રણ કાળ ને ત્રણે લોક જાણવાની તાકાત છે. આમ અતીન્દ્રિય સ્વભાવ સામે જુએ તે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને ક્રમે કરીને કેવળજ્ઞાન પ્રગટ કરે છે

(૪) "સિદ્ધ ભગવંતોને વિભાવભાવોનો અભાવ છે તેથી નિર્મળ છે. તેમ શુદ્ધદ્રવ્યાર્થિકનયથી સંસારી જીવો સ્વભાવે નિર્મળ છે."

સિદ્ધભગવંતોને ક્ષાયોપશમિકભાવ, ઔદયિકભાવ, તથા ઉપશમભાવનો અભાવ છે, સિદ્ધભગવંતોને ક્ષાયિકભાવ પ્રગટ થઈ ગયો છે તેથી સિદ્ધભગવંતો નિર્મળ છે.

તેવી રીતે શુદ્ધનિશ્ચયદૃષ્ટિથી જોવામાં આવે તો સંસારી પણ નિર્મળ છે. તેનો સ્વભાવ તો મેલ વગરનો એકરૂપ છે. તેથી સંસારી જીવને વર્તમાન જે ઉદયાદિ ભાવો હોય તેના ઉપર લક્ષ છોડાવવા તેનો ત્રિકાળમાં અભાવ છે એમ કહે છે.

ચારે ભાવો ઉપર લક્ષ છોડવાનું કારણ એ છે કે :—(૧) ઔદયિક ભાવ તો વિકાર છે માટે તે ધર્મનું કારણ નથી, (૨) ક્ષાયોપશમિક ભાવ છે તે ખરેખર મળજનક નથી પણ તે જ્ઞાનનો અંશ છે તે એક સમય પુરતો છે તેનો આશ્રય કરવાથી રાગની ઉત્પત્તિ થાય છે માટે તેના ઉપરનું લક્ષ છોડાવેલ છે. ક્ષયોપશમિક સમકિત કોઈને પ્રવાહરૂપે ૬૬

સાગર સુધી ટકે તે જુદી વાત છે. પણ તે એક સમયની પર્યાય છે તેના લક્ષે રાગ થાય છે માટે તે ભાવને મળજનક કહ્યો છે.

(૩) ઉપશમ સમકિત અથવા ચારિત્ર છે તે ખરેખર મળજનક નથી. તે નિર્મળ પર્યાય છે પણ તેનો આશ્રય લેવા જતાં રાગ થાય છે. તે સ્થિરતાનું કારણ થતું નથી. ઉપશમભાવ પ્રવાહરૂપે અંતમુર્હૂત ટકે છે પણ તે એક સમયની પર્યાય છે તેના આશ્રયે રાગ થાય છે, તેથી તેને મળજનક કહી તેનો આશ્રય છોડાવે છે.

(૪) ક્ષાયિકભાવ કેવળજ્ઞાન નીચે પ્રગટ નથી. જે પ્રગટ નથી તેનો વિચાર કરવાથી રાગ થાય છે ને કોઈને ક્ષાયિક સમકિત હોય તોપણ તે એક સમયની પર્યાય છે. પર્યાયનું લક્ષ કરવા જતાં રાગ થાય છે. આગળ વધાતું નથી માટે પર્યાયનો આશ્રય છોડાવવા ક્ષાયિકભાવને પણ મળજનક કહે છે.

આ પ્રમાણે ચારે ભાવોનું લક્ષ છોડાવવા અપેક્ષાથી મળજનક કહીને શુદ્ધપારિણામિક ભાવ જે નિર્મળ છે તેનું લક્ષ કરાવેલ છે.

સિદ્ધ ભગવંતોને ઉદય, ઉપશમ કે ક્ષયોપશમ ભાવ, એ ત્રણ મળજનક ભાવોનો અભાવ છે, પણ ક્ષાયિકભાવનો અભાવ નથી. પણ સદ્‌ભાવ છે. સિદ્ધને ક્ષાયિકભાવની પરિપૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ છે, તેમને કાંઈ પ્રગટ કરવું બાકી નથી. સંસારીને ક્ષાયિકભાવ પ્રગટ નથી ને જે પ્રગટ નથી તેનો વિચાર કરતાં રાગ થાય છે. તેથી સંસારીને માટે ક્ષાયિકભાવ પણ મળજનક છે એમ કહ્યું છે. સિદ્ધમાં ક્ષાયોપશમિકાદિ ત્રણ ભાવોનો તથા સંસારી જીવમાં દૃષ્ટિ અપેક્ષાએ ચારે ભાવોને ગૌણ ગણી તેમનો અભાવ કહ્યો છે. તેથી સંસારી જીવને દ્રવ્યદૃષ્ટિથી નિર્મળ કહ્યા છે. આમ ચારે ભાવો ઉપરનું લક્ષ છોડી પોતાના શુદ્ધ ભાવને લક્ષમાં લ્યે તો પર્યાયમાં નિર્મળતા પ્રગટે.

## સિદ્ધની જેમ દ્રવ્યદૃટિથી સંસારી જીવો વિશુદ્ધાત્મા છે !

"દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના અભાવને લીધે સિદ્ધ વિશુદ્ધાત્મા છે, તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળે (કોઈ નયથી) શુદ્ધ છે.

સિદ્ધ જીવોને સમસ્ત વિકાર તથા સમસ્ત જડ કર્મોનો અભાવ છે તેથી તેઓ વિશુદ્ધાત્મા છે. તેવી રીતે સંસારી જીવને એક સમય પૂરતો વિકાર છે, તેનું નિમિત્ત દ્રવ્યકર્મ છે, બાહ્યમાં દેવ-શાસ્ત્ર-ગુરુ નિમિત્ત છે ને પર્યાયમાં ક્ષયોપશમ ભાવ છે પણ તે કોઈથી આત્માને લાભ નથી તેથી તે બધાને ગૌણ કરી વ્યવહાર કહી અભૂતાર્થ કહ્યા છે, કારણ કે ત્રિકાળી શુદ્ધ આત્માને તે બધાનો અભાવ છે તેથી શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી સંસારી જીવો પણ વિશુદ્ધાત્મા જ છે. આમ સ્વીકારતાં પર્યાયમાં ધર્મદશા પ્રગટે છે.

—❀—

# અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ-ગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવે છે

[ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

શ્રી સમયસાર શાસ્ત્રના જીવ અધિકારની આ ગાથા ૧૭–૧૮ ની ટીકા ચાલે છે. પ્રથમ આટલી વાત આવી ગઈ કે ભગવાન આત્માને પ્રથમ જાણ્યા વગર તેની શ્રદ્ધા થાય નહિ. આત્માને જાણવો એટલે તેનો જે જ્ઞાન-આનંદ સ્વભાવ છે તેની સન્મુખ થઈને અનુભવ કરવો. આ અનુભવ વગર આત્મા જણાય નહિ, જણાયા વગર શ્રદ્ધા થાય નહિ અને શ્રદ્ધા વિના ચારિત્ર થાય નહિ. આ વાત હવે વિશેષ કહે છે.

આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવે છે. અનાદિનો આત્મા જ્ઞાનની પર્યાયથી જણાય છે એવો છે. એનું જ્ઞાન જ જણાય છે. કોને? કે આબાળગોપાળ સૌને એટલે બાળથી માંડીને વૃદ્ધ સુધીના બધાંને સદાકાળ–વિરહ પડ્યા વિના પોતે જ અનુભવમાં આવી રહ્યો છે. ભલે શરીર રાગાદિને જાણે પણ ખરેખર તો જ્ઞાન જ જાણવામાં આવે છે. જાણનારનું જ્ઞાન જ જાણવામાં આવે છે. જ્ઞાન જ અનુભવમાં આવે છે. છતાં અનાદિ બંધને વશે પર ( દ્રવ્યો ) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ એવા અજ્ઞાની જીવો ને 'આ અનુભૂતિ છે તે જ હું છું' એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી.

અજ્ઞાનીની દૃષ્ટિ રાગ અને પર ઉપર છે તેથી હું જ રાગરૂપ છું, હું જ પરરૂપ છું એમ અજ્ઞાનપણે માની રહ્યો છે. જેની ભૂમિકામાં જણાય છે તે જાણનારનું જ્ઞાન છે. તેમાં ભલે રાગ જાણે, દ્વેષ જાણે, શરીર, પાણી આદિને જાણે પણ તેમાં મુખ્યપણે પહેલું જ્ઞાન જ તેના અનુભવમાં આવી રહ્યું છે પણ અજ્ઞાનીને તેની ખબર નથી.

જુઓ, અજ્ઞાની પોતે રાગને તાબે થાય છે. રાગ કે બંધ આદિ જીવને તાબે કરાવતાં નથી. જાણનારનું જ્ઞાન જાણનારને જાણતું હોવા છતાં જ્ઞાનની પર્યાય રાગને તાબે થઈ જાય છે. કેમ કે તેને ( સ્વ–પરનો ) ભેદ પાડતાં આવડતો નથી. આત્માની જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન જ જણાય છે છતાં પોતાને ખબર નથી એટલે હું પરને જાણું છું અને પર મારા છે એવું અનાદિથી પરને વશ થયેલું મૂઢપણું છે. પર અને રાગ મારાથી ભિન્ન છે એમ માનવું જોઈએ તેને બદલે હું પર અને રાગથી અભિન્ન છું એમ માને છે. રાગ અને જ્ઞાન એક છે એમ માને છે.

અન્યદ્રવ્ય એટલે રાગ–વિકલ્પ તેની સાથે એકપણાનો નિર્ણય હોવાથી અજ્ઞાની મૂઢ છે. તેથી અજ્ઞાનીને, જાણવામાં જાણનારનું જ્ઞાન છે તે જ હું છું–અનુભૂતિ છે તે જ હું છું એવું સાચું જ્ઞાન હોતું નથી. તેથી કહે છે સાચી સમજણ કરવી એ જ ધર્મની ક્રિયા છે. બહારની ક્રિયાથી ધર્મ થતા નથી.

ચૈતન્યદળની સપાટીમાં જાણનારનું જ જ્ઞાન થાય છે, રાગનું કે પરનું જ્ઞાન થાય છે એમ કહેવાય છે એ તો નિમિત્તથી કથન છે પણ રાગને તાબે થયેલા અજ્ઞાનીને આ જાણનાર....જાણનાર જ્ઞાન તે હું એવી અનુભૂતિ તે આત્મા એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી. વાત ઝીણી છે ભાઈ! અજ્ઞાનીને આત્માનું જ્ઞાન જ થતું નથી તો પછી શ્રદ્ધા અને ચારિત્ર તો ક્યાંથી થાય?

જગતનો ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા, જગતની ભિન્ન-ભિન્ન અવસ્થાનાં પ્રસંગમાં તેનું જ્ઞાન જ ભિન્ન-ભિન્નપણે પોતાને જાણે છે એમ ન જાણતાં રાગને તાબે થયેલો અજ્ઞાની હું રાગને જાણું છું એમ માને છે. તેથી તેને આત્મજ્ઞાન થતું નથી. ખરેખર જ્ઞાન કાંઈ રાગનું નથી. જ્ઞાન તો આત્માનું છે. જ્ઞાન અને રાગ બંને મિશ્રિત હોય એવું લાગે છતાં જ્ઞાની ભેદજ્ઞાનની પ્રવિણતાથી બંનેને જુદાં જાણે છે પણ જ્ઞાન અને રાગને એક માનતો અજ્ઞાની તેને જુદાં પાડી શકતો નથી એ જ મિથ્યાત્વ છે.

આ તો શાંતિથી ધીરજથી થાય તેવું કાર્ય છે. આ કાંઈ બહારની દોડાદોડી કરવાથી થાય એવું કાર્ય નથી. છ–છ કલાક પૂજા કરવાથી, ભગવાનને ટીલા-ટપકાં કરવાથી, કે દુનિયાને સમજાવવાથી આ કાર્ય થાય તેમ નથી. દરેક સમયે જાણવાના કાળે જાણનારનું જ્ઞાન થઈ રહ્યું છે એમ ન લેતાં રાગનું, પૈસાનું, શરીરનું, સ્ત્રી-પુત્રાદિનું જ્ઞાન થાય છે એવું માનતો અજ્ઞાની મિથ્યાત્વમાં અટકી રહ્યો છે. વિવિધ પ્રકારના રાગના કાળે ફક્ત તેનું જ્ઞાન થાય છે પણ એ જ્ઞાન જાણનારનું છે. જાણનારમાં જ્ઞાન છે એમ અંતરમા દૃષ્ટિ ન કરતાં જે જણાય છે તેનું આ જ્ઞાન છે એવી મિથ્યાબુદ્ધિ કરે છે.

આચાર્યદેવે પણ કાંઈ ગજબ ટીકા કરી છે!

અહીં બીજા જીવોની હિંસા કે ચોરી આદિની વાત લીધી નથી પણ જાણનારનું જ્ઞાન છે એમ ન માનતાં રાગાદિ પરનું જ્ઞાન છે એમ માનવું તેનું નામ હિંસા અને મિથ્યાત્વ છે એમ કહ્યું છે. બાળકથી માંડીને વૃદ્ધને કે મૂર્ખથી માંડીને મોટા પંડિતને સૌને જાણનારનું જ્ઞાન જણાય છે. પોતાની જ્ઞાનની પર્યાય જણાય છે.

આમ હોવા છતાં જીવ કેટલી ભૂલ કરે છે કે પોતાના જ્ઞાનને રાગ સાથે એકમેક કરીને મિથ્યાજ્ઞાન પ્રગટ કરે છે. જ્ઞાનને જ્ઞાન જાણે તો સમ્યગ્જ્ઞાન થાય છે. અહીં તો જ્ઞાન અને અજ્ઞાનથી જ વાત ઉપાડી છે. સંતોની રીત પણ કેવી કે સાદી ભાષામાં છેક પાતાળે પહોંચે એવી વાત કરી દીધી છે. અમૃતના સાગર ઊછાળ્યાં છે પણ તું ઝેરમાં અટક્યો છો

એ વાત પણ બતાવી દીધી છે. ભગવાન! તું ભૂલ્યો હો! જાણનારનું જ્ઞાન તે હું એમ ન લેતાં રાગનું જ્ઞાન તે જ હું એમ માનીને ઉંધા રસ્તે ચડી ગયો છો, તેથી જ તને આત્મજ્ઞાન ઉદય થતું નથી.

કુદેવ, કુગુરુના સંગને લીધે આત્મજ્ઞાન થતું નથી કે દર્શનમોહના જોરને લીધે થતું નથી કે કાળલબ્ધિ પાકી નથી માટે આત્મજ્ઞાન થતું નથી એમ ન રહ્યું પણ 'જ્ઞાન તે જ હું' એવી અનુભૂતિ કરતો નથી માટે આત્મજ્ઞાન થતું નથી એમ કહ્યું. અવળા પુરુષાર્થથી અટક્યો છો અને સવળો પુરુષાર્થ કર તો આત્મજ્ઞાન થાય એમ પુરુષાર્થથી કાર્યની સિદ્ધિ બતાવી છે.

એક સાધુ કહે સર્વજ્ઞના માર્ગમાં પુરુષાર્થ હોય નહિ, સર્વજ્ઞે જેમ જાણ્યું છે તેમ બધું થાય છે. જે સમયે જેમ થવાનું હોય તેમ થાય છે પણ ભાઈ! એ થાય છે એ પણ પુરુષાર્થથી થાય છે ને! અવળું કે સવળું દરેક કાર્ય પુરુષાર્થથી થાય છે. પુરુષાર્થને નહિ માને ત્યાં સુધી ભલે ગમે તેટલી ઊંચી ક્રિયા કરતો હોય, સર્વજ્ઞ સિવાય બીજાને દેવ માનતો ન હોય પણ તેનું બધું મિથ્યા છે.

ધારાવાહી સંયોગના કાળે જે જ્ઞાનનો પર્યાય થાય છે તે જાણનારનું જ્ઞાન છે, જાણનારથી થયેલું જ્ઞાન છે, સંયોગથી થયેલું જ્ઞાન નથી. જાણનાર....જાણનાર....જાણનારના જ્ઞાનની અનુભૂતિ તે હું એવું આત્મજ્ઞાન અજ્ઞાનીને નથી, તેને તો રાગ અને શરીરાદિનું જ્ઞાન થાય છે તે મિથ્યાજ્ઞાન છે. શાસ્ત્ર વાંચવાને કાળે જે જ્ઞાન થાય છે એ જ્ઞાન પોતાનું અને પોતાથી થયેલું છે છતાં અજ્ઞાનીને એમ થાય છે કે આ શાસ્ત્રથી મને જ્ઞાન થયું.

'આ અનુભૂતિ છે તે જ હું છું' એવુ આત્મજ્ઞાન અજ્ઞાનીને થતું નથી, કેમ? —રાગને વશ થયેલો છે અથવા તો રાગના એકપણાના નિશ્ચયથી મૂઢ થયો છે તેથી અજ્ઞાનીને આત્મજ્ઞાન ઉદય થતું નથી.

આ તો જેને પોતાનું કામ કરવું છે તેને માટે વાત છે. બાકી દુનિયામાં દેખાડો કરવો હોય કે અમે ડાહ્યા છીએ, અમે બીજા કરતાં કાંઈક વધી ગયા છીએ એવી દૃષ્ટિ છે તે પરના જ્ઞાનવાળી દૃષ્ટિ છે તેને એ પોતાની માની રહ્યો છે.

જાણનારનું જ્ઞાન હોવા છતાં અજ્ઞાનીની દૃષ્ટિ રાગ ઉપર હોવાથી રાગનું જ્ઞાન થાય છે એમ માને છે તેને આત્મજ્ઞાન નથી તો જ્ઞાન વગરનું શ્રદ્ધાન તો ગધેડાના શીંગડાના શ્રદ્ધાન સમાન છે. જેને આત્માનું જ્ઞાન જ નથી તે આત્માની શ્રદ્ધાન કેવી રીતે કરે? વસ્તુ જ્ઞાનમાં આવ્યા વગર તેની શ્રદ્ધા થઈ શકતી જ નથી. ગધેડાના શીંગડા જ જગતમાં નથી તો તેની શ્રદ્ધા શી રીતે થાય? તેમ આત્મવસ્તુનું જ્ઞાન જ નથી

થયું તો તેની શ્રદ્ધા શી રીતે થાય? માટે કહ્યું કે અજ્ઞાનીને આત્મજ્ઞાન નહિ હોવાથી આત્માની શ્રદ્ધા પણ નથી.

આહાહા.... ! કુંદકુંદ આચાર્ય અને અમૃતચંદ્ર આચાર્ય જગતના સૂર્ય છે. એવું સ્પષ્ટ કર્યું છે કે વાત ન પૂછો !

જે રાગને તાબે થયેલો છે તેને આત્મજ્ઞાન નથી. તો આત્માના જ્ઞાન વગર તે આત્માની શ્રદ્ધા કેવી રીતે કરે? જ્ઞાન વગર શ્રદ્ધા કેવી રીતે કરે? જ્ઞાન વગર શ્રદ્ધા કદી ન હોઈ શકે માટે જાણનારના જ્ઞાન વગરના અજ્ઞાનીને જાણનારની શ્રદ્ધા પણ નથી.

આ તો વીતરાગે કહેલી વાત છે—વીતરાગનો માર્ગ છે, તેમાં કોઈની કલ્પનાની વાત ન ચાલે. અનંતા સંતોએ જે પ્રવાહથી કહ્યું છે એ જ પ્રવાહ આવવો જોઈએ. બીજો પ્રવાહ ન ચાલે.

જેના જ્ઞાનમાં આત્મા આવ્યો નથી તેને આત્માની શ્રદ્ધા પણ ન હોય માટે કહ્યું કે આત્માના જ્ઞાન વગરની શ્રધ્ધા તે ગધેડાના શીંગડાની શ્રધ્ધા જેવી છે.

જ્ઞાનનો પ્રવાહ આત્મામાંથી આવે છે અને તે પ્રવાહનો કર્તા આત્મા છે. એવા આત્માનું જેને જ્ઞાન થયું નથી તેને આત્માની શ્રદ્ધા ન હોઈ શકે કોઈ એમ કહે કે ભલે, આત્મા ન જણાય પણ આત્માની શ્રદ્ધા રાખો...શ્રદ્ધા રાખો....તો એવી શ્રદ્ધા સાચી નથી. નિશાળમાં માસ્તરે વિદ્યાર્થીને મચ્છર દોરીને બતાવ્યો હતો પણ ખરેખર મચ્છર કેવો હોય તેનાથી અજાણ બાળકો હાથીને જોઈને કહે છે જુઓ, આ મચ્છર છે. અરે ભાઈ! આ મચ્છર નથી. તેમ આત્માનું સાચું સ્વરૂપ નહિ જાણતાં અજ્ઞાની મૂઢ જીવો આત્મા સફેદ છે, પીળો છે, રાતો છે વિગેરે મિથ્યા કલ્પના કરે છે. પણ આત્માનું સ્વરૂપ એવું નથી.

આત્માના જ્ઞાન વગર શ્રદ્ધા થતી નથી અને શ્રદ્ધા વગર સમસ્ત અન્ય ભાવોથી ભિન્ન પડી આત્મામાં ઠરવારૂપ ચારિત્ર પણ થઈ શકતું નથી.

શાસ્ત્રજ્ઞાન તે કાંઈ આત્મજ્ઞાન નથી. અગિયાર અંગ અને નવ પૂર્વ ભણી જવાથી આત્માનું જ્ઞાન થતું નથી. તેમ બહારથી નગ્નપણું અને ૨૮ મૂળગુણ પાળવાથી ચારિત્ર થઈ જતું નથી. કેમ કે આત્માના જ્ઞાન વગર તે વિકલ્પથી મને જ્ઞાન થયું એમ માને છે. જ્ઞાન એ આત્માનો જ પ્રવાહ છે એવી દૃષ્ટિ તેને હોતી નથી. તેથી આત્માના જ્ઞાન અને શ્રદ્ધા વગર આત્મામાં આચરણરૂપ ચારિત્ર પ્રગટ થઈ શકતું જ નથી.

આ બધી વાત શાસ્ત્રમાં ભરી છે પણ અત્યાર સુધી કોઈએ શાસ્ત્ર ખોલીને જોયું જ નહિ. તારણસ્વામીના પુસ્તકોમાં નિશ્ચયની વાત ઘણી છે પણ લોકોને ખ્યાલ નહિ

એટલે વાડામાં બંધાઈ રહ્યાં. આ કોઈ પક્ષની વાત નથી. વીતરાગનો માર્ગ શું છે—વસ્તુનું યથાર્થ સ્વરૂપ શું છે તે સમજવાની વાત છે.

સ્વરૂપમાં નિઃશંકપણે ઠરવું તેનું નામ ચારિત્ર છે પણ આત્માનું સ્વરૂપ જાણ્યા વિના અને શ્રદ્ધા કર્યા વિના નિઃશંકપણે ઠરવાની સમર્થતા હોતી જ નથી. માટે કહે છે કે રાગની એકત્વબુદ્ધિવાળાને સમકિત ન હોય, આત્મજ્ઞાન ન હોય અને ચારિત્ર પણ ન હોય.

ભલે બાલબ્રહ્મચારી હોય, ૨૮ મૂળગુણ પાળતો હોય, બધી ક્રિયા બરાબર પાળતો હોય પણ આત્માનું જ્ઞાન નથી તો તેને ચારિત્ર પણ ન જ હોય. તેને સંવર–નિર્જરા ન હોય. છતાં જે વ્રત, તપ કરીને તેમાં સંવર–નિર્જરા થઈ માને છે તે મૂઢ છે. સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી ભલે છ ખંડના રાજ્યમાં પડયો હોય તેને ખબર છે કે આત્મામાં ઠરવું તે જ ચારિત્ર છે મારી નબળાય છે તેથી હું ઠરી શકતો નથી.

ચિદાનંદ વસ્તુના સ્વરૂપના ભાન વગર તેમાં ઠરવાની ઉગ્રતા કયાંથી આવે! વસ્તુને જાણ્યા વગર લીનતા શેમાં કરે? મહિના–મહિનાના ઉપવાસ કરે, સંથારા કરે અને માને કે આ ચારિત્ર છે તો એ બધું અજ્ઞાન અને મિથ્યાત્વનું જ પોષણ છે. પણ અજ્ઞાનીઓ તો લિંગ જોઈને નમી પડે, મધ્યમ વિચારના હોય તે ક્રિયા જુએ અને તત્ત્વજ્ઞાની હોય તે સામા જીવનું સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન કેવું છે એમ જુએ છે.

આહાહા! વિકલ્પની આડમાં આખો ભગવાન આત્મા એક બાજુ રહી ગયો. શાસ્ત્રના ભણતરના રસ આડે આખો આત્મા જાણવાનો રહી જાય છે તેનો જીવને ખ્યાલ રહેતો નથી.

આત્માના જ્ઞાન અને શ્રદ્ધાનના અભાવે સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે આત્માનું આચરણ ઉદય નહિ થવાથી આત્માને સાધતું નથી પણ રાગને અને વિકલ્પને સાધે છે.

આ રીતે સાધ્ય જે આત્માની મુક્તિની–સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે. એટલે કે આત્માના જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર સિવાય બીજા કોઈ ઉપાય વડે આત્માની સિધ્ધિ થતી નથી–મુક્તિની પ્રાપ્તિ થતી નથી. સંસારની પ્રાપ્તિ થાય છે કે જે અનાદિથી ચાલ્યો આવે છે.

શાસ્ત્રમાં એમ લીધું છે કે અજ્ઞાનીની ક્રિયા સફળ છે એટલે કે તેને ભવનું ફળ મળે છે અને જ્ઞાનીની ક્રિયા અફળ છે, તેને ભવનું ફળ મળતું નથી. આત્માના જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર વિનાની અજ્ઞાનીની ક્રિયા ચારગતિ ભ્રમણનું ફળ આપે છે અને જ્ઞાનીને જ્ઞાન, શ્રધ્ધા અને ચારિત્ર હોવાથી તેની અંતરની ક્રિયા નિષ્ફળ છે એટલે કે ભવભ્રમણનું ફળ આપતી નથી પણ મુક્તિનું ફળ આપે છે. —*—

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ લોકભાવનાનો અધિકાર છે. યથાર્થ ભાવના સમ્યગ્દષ્ટિને જ હોય છે. હું ત્રિકાળ શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવી છું, વર્તમાન પર્યાયમાં મલિનતાનો અંશ છે તેટલો હું નથી—એમ ધ્રુવસ્વભાવની દૃષ્ટિપૂર્વકની આ વૈરાગ્યભાવના ભાવતાં સંવર-નિર્જરારૂપ ધર્મ થાય છે. ધર્મી જીવ લોકના સ્વરૂપનું ચિંતવન કરતાં કેવો વિચાર કરે છે તે કહે છે. વસ્તુને અનેકાંતપણું છે, તોપણ નય અપેક્ષાથી તેને એકાત્મપણું પણ છે એમ હવે કહે છેઃ—

यत् वस्तु अनेकान्तं एकान्तं तदपि भवति सव्यपेक्षम् ।
श्रुतज्ञानेन नयैः च निरपेक्षं दृष्यते नैव ॥ २६१ ॥

અર્થઃ—જે વસ્તુ અનેકાંત છે તે અપેક્ષાસહિત એકાંત પણ છે, ત્યાં શ્રુત-જ્ઞાન પ્રમાણથી સાધવામાં આવે તો વસ્તુ અનેકાંત જ છે તથા શ્રુતજ્ઞાનપ્રમાણના અંશરૂપ નયથી સાધવામાં આવે તો વસ્તુ એકાંત પણ છે અને તે અપેક્ષારહિત નથી કારણ કે નિરપેક્ષ નય મિથ્યા છે. અર્થાત્ નિરપેક્ષતાથી વસ્તુનું સ્વરૂપ જોવામાં આવતું નથી. ૨૬૧.

જેણે પ્રમાણજ્ઞાનથી અનેકાંતસ્વરૂપ આત્માને જાણ્યો છે તેની આ વાત છે. ત્રિકાળ શુદ્ધ ને વર્તમાન અશુદ્ધતા—એમ બન્ને પડખાંને જાણવા તે અનેકાંત છે. જગતના બધા પદાર્થો પ્રમાણથી જોતાં અનેકાંતરૂપ છે એટલે નિત્ય પણ છે ને અનિત્ય પણ છે, અને તે જ પદાર્થો કોઈ એક નયથી જોતાં સમ્યક્ એકાંતપણે પણ દેખાય છે. જેમકે ધ્રુવ અપેક્ષાએ તો નિત્યતા જ છે, ને પર્યાય અપેક્ષાએ અનિત્યતા જ છે. વસ્તુમાં દ્રવ્ય અને પર્યાય બન્ને એક સાથે જ છે, નિત્યતા ને અનિત્યતા એક સાથે જ છે. તેમાં નિત્યતા કે અનિત્યતા વગેરે કોઈ એક નયથી જોતાં વસ્તુ તે એક ધર્મસ્વરૂપે લક્ષમાં આવે છે, તે અપેક્ષાએ વસ્તુ એકાંતસ્વરૂપ પણ છે. પ્રમાણનો વિષય તો અનંત ધર્મસ્વરૂપ વસ્તુ છે, ને નયનો વિષય એકેક ધર્મ છે. વસ્તુના સ્વરૂપને જેમ છે તેમ જાણવું તે સાચું જ્ઞાન છે, એટલે તે સત્ય છે, ને સત્ય તે સુખદાયક છે, વસ્તુના સ્વરૂપને વિપરીત માનવું તે અસત્ય છે, ને અસત્ય તે દુઃખદાયક છે.

નિત્યપણું ને અનિત્યપણું, એકપણું ને અનેકપણું એવા ધર્મો વસ્તુમાં એક સાથે છે; અનિત્ય પર્યાયો થાય છે તે કોઈ પરના કારણે થતી નથી, પણ વસ્તુમાં જ અનિત્ય-ધર્મ છે. શરીરમાં રોગ થયો તે પરમાણુની પર્યાયનો ધર્મ છે. બીજો કોઈ તેનો કર્તા નથી. નિત્યતા ધર્મની અપેક્ષાએ જોતાં વસ્તુ નિત્ય ભાસે છે ને અનિત્યતા ધર્મથી જોતાં

વસ્તુ અનિત્ય ભાસે છે. પણ નયથી એક ધર્મને જોતી વખતે પણ બીજા અનંતધર્મોની પ્રતીત ભેગી છે, કેમ કે પ્રમાણપૂર્વક નય હોય છે. પ્રમાણથી આખી વસ્તુને જાણ્યા વગર તેના એક ધર્મનું જ્ઞાન યથાર્થ ન હોય. જો બીજા ધર્મોની અપેક્ષા વગર એકાંત એક જ ધર્મને માને તો તો તે મિથ્યા એકાંત છે. આત્મા પર્યાય અપેક્ષાએ અનિત્ય છે, પણ સર્વથા આત્મા નિત્ય જ છે, એમ નથી. અપેક્ષારહિત નય સાચી નથી, જેમકે આત્મા નિત્ય છે—તો કઈ અપેક્ષાએ? પોતાની ધ્રુવતા અપેક્ષાએ નિત્યપણું છે. પોતાના કોઈ ધર્મની અપેક્ષાએ નિત્યપણું છે, ને કોઈ ધર્મની અપેક્ષાએ અનિત્યપણું છે. પણ સર્વથા અપેક્ષા વગર જ નિત્ય કહી દે તો તે મિથ્યાનય છે. અનેકાંત છે તે પણ કથંચિત અનેકાંત છે, ને કથંચિત્ એકાંત પણ છે. પ્રમાણ અપેક્ષાએ તો તે અનેકાંત છે ને નય અપેક્ષાએ તે જ એકાંત પણ છે. સમ્યક્ એકાંતની અપેક્ષા વગર અનેકાંત હોય નહીં એટલે અનેકાંત પણ અનેકાંતરૂપ છે. અનેકાંત તે અનેકાંત પણ છે ને એકાંત પણ છે.

આત્માની નિર્મળ પર્યાય પ્રગટી તો કોઈ પરની અપેક્ષા રાખતી નથી, પણ પોતાના ધ્રુવદ્રવ્યની અપેક્ષા રાખે છે. ધ્રુવદ્રવ્યની અપેક્ષા વગર નિર્મળ પર્યાય પ્રગટે કયાંથી? ધ્રુવને ન માને તો ધર્મ કોના આશ્રયે કરશે? જ્ઞાન જ્યાં રાગની રુચિ છોડીને સ્વભાવ તરફ વળ્યું ત્યાં ધર્મ થયો. ધ્રુવદ્રવ્યના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટી એટલે નિત્યપણું અને અનિત્યપણું બન્ને ધર્મો વસ્તુમાં આવી ગયા. પ્રમાણજ્ઞાનથી સિદ્ધ થયેલી વસ્તુમાં નયોની અપેક્ષા લાગુ પડે છે, પણ કાંઈ અસત્ વસ્તુમાં નયોની અપેક્ષા લાગુ પડતી નથી.

"સસલાના શીંગડા"ની જેમ સર્વથા અભાવરૂપ વસ્તુમાં નયવિવક્ષા લાગુ પડે નહિ.

પ્રમાણજ્ઞાન પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. કઈ રીતે? કે દ્રવ્ય અને પર્યાય બન્નેને અનેકાંતથી જાણીને અભેદ વસ્તુની મુખ્યતા તરફ ઢળીને સમ્યક્ એકાંત કરે તો જ પ્રમાણ જ્ઞાન થાય છે. એટલે અનેકાંત પણ સમ્યક્ એકાંતની અપેક્ષા રાખે છે. સમ્યક્ એકાંત એટલે શું? કે અભેદ તરફ વળ્યો ત્યારે જ સમ્યક્ એકાંત થયું. દ્રવ્ય-પર્યાય બન્નેને જાણીને સામાન્ય તરફ વળીને વિશેષને અભેદ કરે તો પ્રમાણજ્ઞાન થાય. અભેદની મુખ્યતા હોવા છતાં તેમાં વળેલી પર્યાય પણ છે તો ખરી, એટલે અભેદની મુખ્યતા અપેક્ષાએ તો સમ્યક્ એકાંત છે, ને દ્રવ્ય તરફ ઢળેલી પર્યાય પણ છે-તે દ્રવ્ય-પર્યાય બન્ને અપેક્ષાએ અનેકાંત પણ છે.

જુઓ, આ સાધક જીવને સ્વભાવ તરફ ઢળવા માટેની વાત છે. અનેકાંત એટલે સ્વથી છે ને પરથી નથી. એમ પરથી ભિન્નતા તો જાણી; ને પોતામાં પણ ભેદ ને અભેદ-એવો અનેકાંત છે. તેમાં અભેદ તરફ ઢળે તો જ ભેદ-અભેદનું યથાર્થ જ્ઞાન થાય છે, માટે અનેકાંત પણ સમ્યક્ એકાંત વગર હોતો નથી, એટલે કે અભેદની દૃષ્ટિ વગર પ્રમાણ જ્ઞાન થતું નથી. વળી અભેદતા છે તે ભેદની પણ અપેક્ષા રાખે છે એટલે કે

અભેદ દ્રવ્ય તરફ વળ્યો હોવા છતાં પર્યાયની શુદ્ધતા વધતી જાય છે એટલે પર્યાયમાં અનેક ભેદ પડે છે. તે ભેદને ન સ્વીકારે તો પણ મિથ્યા એકાંત છે. સાધક જીવ દ્રવ્ય-પર્યાય બન્નેને જાણીને અભેદ દ્રવ્ય તરફ વળે છે ત્યાં તેને દ્રવ્ય-પર્યાયની એકતા વધતી જાય છે. એવા સાધક જીવને માટે આ વાત છે, જેને પૂર્ણતા થઈ ગઈ છે તેમને તો હવે કાંઈ નયો હોતા નથી. શક્તિપણે પૂર્ણતા છે, પર્યાયમાં અલ્પતા છે. ધ્રુવ અપેક્ષાએ વસ્તુ નિત્ય છે, પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. સાધકભાવ હોય ત્યાં બાધકભાવનો અંશ પણ સાથે હોય છે.–ઇત્યાદિ અનેક ધર્મો વસ્તુમાં છે, તેને જેમ છે તેમ ન જાણે તો સમ્યગ્જ્ઞાન થાય નહીં' "નિરપેક્ષનયો મિથ્યા છે." તેમાં પરની અપેક્ષાની વાત નથી, પણ પોતાના ધર્મની અપેક્ષાની વાત છે. વસ્તુના પોતાના એક ધર્મને માને ને બીજા ધર્મોને સર્વથા ન માને તો તેનું નામ નિરપેક્ષનય છે, ને તે મિથ્યાનય છે. જુઓ, જેને ચૈતન્ય-મૂર્તિ આત્માનું ભાન હોય એવા ધર્મીને જ ચક્રવર્તીપદ વગેરેના ઊંચા પુણ્ય બંધાય છે. પણ તે ધર્મીને ચૈતન્યમૂર્તિ આત્માની જ અપેક્ષા છે, તેને પુણ્યની અપેક્ષા નથી, પુણ્યનો આદર નથી. વસ્તુના અનેક ધર્મોના જ્ઞાન વગર વસ્તુસ્વરૂપ જણાતું નથી.

ભાવાર્થ :—વસ્તુના સર્વ ધર્મોને એક કાળમાં સાધે તે ધર્મ છે, તથા તેના એક એક ધર્મોને જ ગ્રહણ કરે તે નય છે. તેથી એક નયને બીજા નયની અપેક્ષા હોય તો વસ્તુ સાધી શકાય પણ અપેક્ષા રહિત નય વસ્તુને સાધતો નથી. એટલા માટે અપેક્ષાથી વસ્તુ અનેકાંત પણ છે એમ જાણવું એ જ સમ્યગ્જ્ઞાન છે.

હવે શ્રુતજ્ઞાનની તાકાત બતાવે છે. જેમ કેવળજ્ઞાન બધા પદાર્થોને પ્રત્યક્ષ જાણે છે તેમ શ્રુતજ્ઞાન પણ પરોક્ષપણે સર્વ વસ્તુઓને પ્રકાશે છે એમ હવે કહે છે:—

सर्वं अपि अनेकान्त परोक्षरूपेण यत् प्रकाशयति ।
तत् श्रुतज्ञानं भण्यते संशयप्रभृतिभिः परित्यक्तम् ।। २६२ ।।

અર્થ :—જે જ્ઞાન સર્વ વસ્તુને અનેકાંતસ્વરૂપ પરોક્ષરૂપે પ્રકાશે-જાણે-કહે તે શ્રુતજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાન સંશય, વિપરીતતા અને અધ્યવસાયથી રહિત છે એમ સિદ્ધાંતમાં કહ્યું છે. ૨૬૨.

દરેક વસ્તુ વસ્તુપણે એક, ગુણપર્યાયપણે અનેક, સામાન્ય-વિશેષરૂપ છે. તે સર્વ વસ્તુને પરોક્ષરૂપથી અનેકાંતરૂપ જાણે છે તે સમ્યક્ શ્રુતજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાન સંશય-વિપરીતતા અને અચોક્કસતા રહિત છે. એમ શાસ્ત્રમાં કહ્યું છે. શાસ્ત્રમાં કહ્યું છે તે સમજવાની પોતે દરકાર કરે તો નય-પ્રમાણરૂપ યુક્તિ અને સ્વાનુભવથી બધું નક્કી થઈ શકે તેમ છે.

શાસ્ત્રમાં ઘણી અપેક્ષાથી કથન છે. શું સાચું હશે ? વ્યવહારથી-શુભથી પણ ધર્મ

થતો હશે ? દેવાદિ તથા દ્રવ્યનું સ્વરૂપ આમ હશે કે બીજા કહે છે તે પણ સાચું હશે ? એ વગેરે પ્રકારે શંકાદિ–દોષ સમ્યગ્જ્ઞાનમાં હોય નહીં.

ભાવાર્થ :—શ્રુતજ્ઞાનમાં સ્વસન્મુખ થઈ અભેદસ્વરૂપનો નિર્ણય કર્યો તે સ્વ-પરપ્રકાશક-જ્ઞાન સ્વાનુભવપ્રત્યક્ષ છે. સર્વજ્ઞ કથિત શાસ્ત્રમાં બધી વસ્તુનું સ્વરૂપ અનેકાંતમય છે તેમ જ્ઞાનવડે યથાર્થ જણાય છે એમ સર્વ વસ્તુને યુક્તિ–આગમના બળથી જાણે તથા ગુરુજનોના ઉપદેશપૂર્વક જાણે તો સંશય આદિ રહે નહીં.

હવે શ્રુત–જ્ઞાનનો ભેદ–અંશ તે નય છે તેનું સ્વરૂપ કહે છે.

लोकानां व्यवहारं धर्मविवक्षया यः प्रसाधयति ।
श्रुतज्ञानस्य विकल्पः सः अपि नयः लिङ्गासम्भूतः ॥ २६३ ॥

અર્થ :—વસ્તુના એક ધર્મની વિવક્ષાથી જે લોકોના વ્યવહારને સાધે તે નય છે અને તે શ્રુતજ્ઞાનનો વિકલ્પ ( ભેદ ) છે. વળી તે, લિંગ ( ચિહ્ન ) થી ઊપજ્યો છે. ૨૬૩.

જેમ જ્ઞાની કહે કે છોકરો સારો છે, વારસો રાખશે. પણ અભિપ્રાયમાં છે કે તેનું આયુષ્યને પુણ્ય હશે તો વારસો રહેશે. લૌકિક અપેક્ષાથી વાત કરી છે. અનંત ધર્મસ્વરૂપ વસ્તુ છે તે પ્રમાણનો વિષય છે, તેને જાણનાર શ્રુતજ્ઞાન પ્રમાણ છે. તે શ્રુતજ્ઞાનનો વિકલ્પ–ભેદ તે નય છે. સમ્યગ્દષ્ટિ નોકર શેઠને કહે કે આપની કૃપાથી પૈસા મળ્યા, પણ અભિપ્રાયમાં છે કે પુણ્યની યોગ્યતાથી પૈસા એના કાળે આવે છે. પણ એક હેતુને સિદ્ધ કરવા માટે એક પડખાની વાતને ગૌણ કરીને બીજાને મુખ્ય કરે તે પ્રમાણે લોકવ્યવહારમાં પણ પ્રયોજન સધાય છે.

—*—

[ ક્રમશઃ ]

---


## આત્મધર્મ ( ગુજરાતી ) માસિક-પત્ર સંબંધી માહિતી :—

| | |
|---|---|
| પ્રકાશન સ્થાન :— | શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશન તારીખ :— | દરેક માસની પંદરમી તારીખ |
| પ્રકાશક :— | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |
| મુદ્રક :— | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |
| સંપાદક :— | નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| તંત્રી :— | હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ |
| રાષ્ટ્રીયતા :— | ભારતીય |
| માલિક :— | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) |

વ્યવસ્થાપક ( મેનેજર )
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
તા. ૧૫-૩-૮૯ સોનગઢ ( કાનજીસ્વામીનું )-૩૬૪૨૫૦

[ ચાલો સોનગઢ....ટાઇટલ ૨થી ચાલુ ]

અનાદિકાળના ભવભ્રમણમાં જે સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થઈ, એ અત્યંત દુર્લભ સમ્યક્ત્વની પ્રાપ્તિની દુર્લભતા જેમના પરમ પ્રતાપે આપણને સમજાઈ છે, તેનો ઉપાય પણ સમજી શકાયો છે, એવા પરમ ઉપકારી ધર્મપિતાનો ૧૦૦ મો જન્મદિન ઉજવવાનું સૌભાગ્ય—કે જે જીવનમાં ફરી ક્યારેય પ્રાપ્ત થવાનું નથી તે—આપણને પ્રાપ્ત થઈ રહ્યું છે ત્યારે કયો સૌભાગ્યશાળી ભક્ત એ જન્મ-શતાબ્દી ઉજવવા થનગની ન રહ્યો હોય? ક્યારે સોનગઢ જાઉં ને ક્યારે શતાબ્દી ઉજવું એવી તાલાવેલી કયા ભક્તને ન હોય?

આ દુષમ પંચમકાળમાં ભગવાન મહાવીરના સનાતન દિગંબર જૈન ધર્મની યથાર્થ પ્રરૂપણા પ્રાયઃ ઢંકાઈ ગઈ હતી; તેના બદલે આજે વીતરાગમાર્ગની યથાર્થ પ્રરૂપણાનો નાદ જેમના પરમ પ્રતાપે ગૂંજી રહ્યો છે; અધ્યાત્મ-માર્ગની યથાર્થ પ્રરૂપણાના અભાવમાં સૂકા રણમાં એકમાત્ર મીઠી વીરડી જેવા તીર્થધામ સુવર્ણપુરીમાંથી ૪૫-૪૫ વર્ષ સુધી અધ્યાત્મ-અમૃતના ધોધ વરસાવી એ સૂકા રણની કાયાપલટ કરનાર—ઠેર ઠેર, દેશ-વિદેશમાં યથાર્થ પ્રરૂપણાના ધોરિયા વહેવડાવનાર યુગસ્રષ્ટા કહાનગુરુની જન્મ-શતાબ્દી આપણા તીર્થધામ સુવર્ણપુરીમાં ઉજવવા કયો ભક્ત તલસતો ન હોય?

જેમ ભવભીરૂ ધર્મપ્રેમી શાશ્વત સિદ્ધિધામ સમ્મેદ-શિખરજીની યાત્રાની ભાવના ભાવતો જ હોય, તેમ ગુરુદેવના કૃપાપાત્ર સૌ મુમુક્ષુઓ શાશ્વત સિદ્ધિનો માર્ગ બતાવનાર ગુરુદેવની જન્મ-શતાબ્દી પવિત્ર તીર્થધામમાં ઉજવવાની ભાવના ભાવતો જ હોય. જેમ શાશ્વત સિદ્ધિધામની યાત્રા માટે સાંસારિક અલ્પ-અનુકૂળતા, શારીરિક અલ્પ-અનુકૂળતા તેમ જ રહેવા-જમવા આદિની સગવડતા-અગવડતા અને ગરમી આદિ સર્વને ગૌણ કરીને પણ ભાવના પૂરી કરે છે, તેમ જ્યાં ૪૫-૪૫ વર્ષ સુધી શાશ્વત સિદ્ધિના માર્ગની પ્રરૂપણાની અમૃતવર્ષા વરસી હોય એ તીર્થધામ સુવર્ણપુરીમાં ૧૦૦ મી જન્મજયંતી ઉજવવાની ભાવના પૂરી કરવા માટે સૌ મુમુક્ષુઓ વિચાર-મતભેદ આદિ કારણોને ગૌણ કરે અને ત્રણલોકનું રાજ્ય પણ જે સમ્યક્ત્વ આગળ તુચ્છતા પામે છે, એ સમ્યક્ત્વની પ્રાપ્તિનો ઉપાય સમજાવનાર ગુરુદેવશ્રીની ૧૦૦ મી જન્મ-જયંતી, સમ્યક્ત્વવિભૂષિત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની છત્રછાયામાં સુવર્ણપુરીમાં ઉજવવા માટે સર્વે મુમુક્ષુઓ સોનગઢ ઉમટી પડે તે મુમુક્ષુઓનું જ સૌભાગ્ય છે.

અરે ભાઈ! પાંડવ-પુરાણમાં આવે છે કે લૌકિક-વિદ્યાદાતા ગુરુ દ્રોણાચાર્યને ગુરુદક્ષિણામાં એકલવ્ય જેવો ભીલ પણ અંગૂઠો (–સર્વસ્વ) અત્યંત પ્રસન્નતાથી અર્પણ કરી દે છે! તો અનંતકાળમાં નહિ પામેલો સ્વાનુભૂતિનો માર્ગ જે ગુરુના પરમ પ્રસાદથી આપણને સમજાયો, તે ગુરુવરની જન્મ–શતાબ્દી ઉજવવા સોનગઢ

આવવા માટે, આત્મસાધનામાં વિઘ્નરૂપ બને એવા વિચારભેદોને પ્રસન્નતાથી ગૌણ કરી દઈએ તેમાં શું આશ્ચર્ય?

કર્મોદયના વિચિત્ર નાટકોનો વિચાર કરતાં, વિચારભેદો, જીવના વિચિત્ર પરિણામો એ બધું તો દુષ્ટકર્મની, સંસારથી છૂટવા તત્પર મોક્ષાર્થીને સંસાર-અટવીમાં ફસાવવાની એક ચાલ છે, કર્મોદયની બિછાવેલી જાળ છે. માટે હે સુજ્ઞ! એવા તુચ્છ કારણોની ભ્રમજાળમાં અટવાયા વિના, આવા મહાન ગુરુનો જન્મ-શતાબ્દીનો મહાન ઉત્સવ ઉજવવાના પ્રસંગે, સોનગઢ જવાનું ચૂકી જતા નહિ. એક મહાન ગુરુના ઉત્તમ શિષ્યને શોભે તેમ, જન્મ-શતાબ્દી-ઉજવણીની શોભામાં અભિવૃદ્ધિ કરવા સૌથી પહેલો તો હું જ—એમ સૌ ઉમંગભર સોનગઢ પહોંચી જજો.

ગુરુદેવ મારા છે, ગુરુદેવની તપોભૂમિ મારું તીર્થધામ છે, મારા ગુરુદેવની જન્મ-શતાબ્દી મારા તીર્થધામમાં ઉજવવા, જન્મ-શતાબ્દીની શોભાની અભિવૃદ્ધિ કરવા મા જવું જ જોઈએ, હું જવાનો જ છું, મારા સર્વે સાધર્મીઓને સાથે લઈને જ જવાનો છું—એવી મારી ભાવના ફળ્યે જ છૂટકો...સર્વે મુમુક્ષુને ઉલ્લાસ ઉછળે...ઉછળે...ને ઉછળે જ...એ બધો તો મારા ગુરુવરનો જ પરમ પ્રતાપ છે. મહાન ગુરુવરની છત્ર-છાયામાં ગુરુકૃપા પામેલા અમે સૌ ભક્તો એ ગુરુવરના અનન્ય ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની—કે જેઓના હૃદયમાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિ-ઉપકાર-અર્પણતા આદિ અનેકવિધ ઊર્મિઓ નિરંતર અંતરંગમાં ઉછળી રહી છે તેઓશ્રીની—છત્રછાયામાં જીવનમાં માત્ર એક જ વખત પ્રાપ્ત થતી ગુરુવર જન્મ-શતાબ્દી ઉજવવાની ભાવનાથી જરૂર સોનગઢ જઈશું...જઈશું...ને જઈશું જ...

ચલો સોનગઢ...ચલો સોનગઢ...ચલો સોનગઢ...સોનગઢ મારું છે...અમારું છે...આપણું છે; ગુરુદેવ મારા છે...અમારા છે...આપણા છે; જન્મ-શતાબ્દી મહોત્સવ મારા સોનગઢના આંગણે છે...અમારા સોનગઢના આંગણે છે...આપણા સોનગઢના આંગણે છે; માટે હું...અમે...આપણે સોનગઢ જઈને એ જન્મ-શતાબ્દી મહોત્સવ જરૂર જરૂર જરૂર ઉજવીશું...ચલો સોનગઢ...ચલો સોનગઢ...ચલો સોનગઢ

* * *

—સંપાદક

---

સૂચના :—ગુરુકહાન-જન્મશતાબ્દી વિશેષાંક (-ગુજરાતી તથા હિન્દીમાં એક સરખો) એપ્રિલ તથા મે માસનો સાથે પ્રકાશિત કરવામાં આવશે. તેથી ૧૫-૪-૮૯ નો ગુજરાતી અંક બંધ રહેશે.

---

# નવું પ્રકાશન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. ઇષ્ટોપદેશ | ગુજરાતી | ૭-૦૦ | ૭. સમાધિતંત્ર | ગુજરાતી | ૫-૫૦ |
| ૨. ઇષ્ટોપદેશ પ્રવચન | ,, | ૯-૦૦ | ૮. સર્વ સામાન્ય પ્રતિક્રમણ | ,, | ૪-૦૦ |
| ૩. આત્માનુશાસન | ,, | ૧૦-૦૦ | ૯. સત્તાસ્વરૂપ | હિન્દી | ૨-૫૦ |
| ૪. નંદીશ્વરભજનપૂજન | ,, | ૩-૦૦ | ૧૦. મોક્ષમાર્ગ પ્રકાશક | ,, | ૧૦-૦૦ |
| ૫. સત્તાસ્વરૂપ | ,, | ૨-૫૦ | ૧૧. ચિદ્‌વિલાસ | ,, | ૫-૦૦ |
| ૬. અનુભવપ્રકાશ | ,, | ૩-૫૦ | | | |

# નવું પ્રકાશન (પ્રેસમાં)

| | | | |
|---|---|---|---|
| ૧. સમયસાર પ્રવચન ભાગ ૧ | ગુજરાતી | ૧૦. પંચસ્તોત્ર | ગુજરાતી |
| ૨. ,, ,, ,, ૨ | ,, | ૧૧. પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત | ,, |
| ૩. ,, ,, ,, ૩ | ,, | ૧૨. પંચાસ્તિકાય સંગ્રહ | હિન્દી |
| ૪. ,, ,, ,, ૪ | ,, | ૧૩. વિધાનપૂજા સંગ્રહ | ,, |
| ૫. ,, ,, ,, ૫ | ,, | ૧૪. સિદ્ધચક્રવિધાનમંડલ પૂજા | ,, |
| ૬. સમંતભદ્ર સ્તોત્રત્રયી | ,, | ૧૫. તત્ત્વજ્ઞાન-તરંગિણી | ,, |
| ૭. જૈન સિદ્ધાંત પ્રવેશિકા (છુટક પાંચ અધ્યાયવાળા) | ,, | ૧૬. આત્મઅવલોકન | ,, |
| ૮. પદ્મનંદી પંચવિંશતિકા | ,, | ૧૭. જૈન પ્રાઈમરી | અંગ્રેજી |
| ૯. પૂ. બહેન ચંપાબહેન અભિનંદનગ્રંથ દ્વિતીય આવૃત્તિ | ,, | ૧૮. અધ્યાત્મ યુગસ્રષ્ટા પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી | ,, |
| | | ૧૯. સોનગઢ પરિચય પુસ્તિકા | ,, |

## પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૦મી જન્મજયંતી પ્રસંગે તા. ૨૯-૪-૮૯ થી ૮-૫-૮૯ દરમ્યાન સંસ્થાએ નક્કી કરેલ નાસ્તા, જમણવારની સ્કીમ :—

| | નાસ્તો | સવારનું જમણ | સાંજનું જમણ |
|---|---|---|---|
| તા. ૨૯-૪-૮૯ | ૧૦૦૦ | ૧૧૦૦૦ | ૫૦૦૦ |
| તા. ૩૦-૪-૮૯ | ૧૦૦૦ | ૧૧૦૦૦ | ૫૦૦૦ |
| તા. ૧-૫-૮૯ | ૧૦૦૦ | ૧૧૦૦૦ | ૫૦૦૦ |
| તા. ૨-૫-૮૯ | ૧૦૦૦ | ૧૧૦૦૦ | ૫૦૦૦ |
| તા. ૩-૫-૮૯ | ૧૫૦૦ | ૧૫૦૦૦ | ૭૦૦૦ |
| તા. ૪-૫-૮૯ | ૧૫૦૦ | ૧૫૦૦૦ | ૭૦૦૦ |
| તા. ૫-૫-૮૯ | ૧૫૦૦ | ૨૧૦૦૦ | ૧૦૦૦૦ |
| તા. ૬-૫-૮૯ | ૨૫૦૦ | ૨૫૦૦૦ | ૧૦૦૦૦ |

તા. ૭-૫-૮૯ વૈશાખ સુદ બીજના ત્રણે ટાઈમના કુલ રૂ. ૫૧૦૦૦

તા. ૮-૫-૮૯ ઉમરાળાનું જમણ ખર્ચ રૂ. ૩૧૦૦૦

સુવર્ણપુરીમાં સમ્યક્ત્વ-મહિમાનો સોનેરી અવસર
( સ્વાનુભવપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૫૭ મો )

## ✻ સમ્યક્ત્વ-જયંતી–મહોત્સવ ✻

સમ્યક્ત્વતીર્થપ્રભાવક સ્વાનુભવપ્રેરણામૂર્તિ પરમકૃપાળુ પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત સમ્યક્ત્વતીર્થ-ભૂષણ પ્રશમરસપરિણત ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૫૭ મો સમ્યક્ત્વ-જયંતી-મહોત્સવ ( ફાગણ વદ ૧૦ ) સાવરકુંડલાનિવાસી સ્વ. શ્રી જગજીવનદાસ બાઉચંદ દોશીના પરિવાર તરફથી — પોતાની માતા સ્વ શ્રી અંજવાળીબેન જગજીવનદાસ દોશીની ભાવના અનુસાર — અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં અતિ આનંદોલ્લાસ પૂર્વક ઉજવવાનું નક્કી થયેલ છે. તદનુસાર સોનગઢમાં તા. ૨૮–૩–૮૯, મંગળવાર થી તા. ૧–૪–૮૯, શનિવાર ( ફાગણ વદ ૧૦ ) સુધી 'સમ્યક્ત્વ-જયંતી–સમારોહ' પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમ્યક્ત્વ-મહિમાભરપૂર આધ્યાત્મિક ટેપ–પ્રવચન, શ્રી ચૌંસઠઋદ્ધિમંડલ વિધાનપૂજા, સ્વાનુભૂતિપરિણત પૂજ્ય બહેનશ્રીની વિડિયો–તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન ઇત્યાદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ અતિ આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે. બધા મુમુક્ષુઓને આ સમ્યક્ત્વભાવનાપ્રેરક અનુપમ અવસરનો લાભ લેવા હાર્દિક અનુરોધ છે.

અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં વિદ્યાર્થીઓ માટે

## ધાર્મિક શિક્ષણવર્ગ :–

પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મ-શતાબ્દીના ઉપલક્ષમાં તા. ૨૩–૪–૮૯ થી ૭–૫–૮૯ — ૧૫ દિવસ સુધી વિદ્યાર્થીઓ માટે ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવશે. ઉત્તમ વર્ગમાં સમયસાર–પૂર્વરંગ (ગાથા ૧૩ થી ૧૬ ) અને મોક્ષમાર્ગ પ્રકાશક ( અધિકાર–૭, 'ઉભયાભાસ-નિરાકરણ' અધિકાર ) તથા મધ્યમ વર્ગમાં શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા અને છ–ઢાળા લેવામાં આવશે.

# વૈરાગ્ય સમાચાર

* મદ્રાસનિવાસી કંચનબેન ભાઈલાલભાઈ તા. ૧૬-૧૧-૮૮ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ રહીને લાભ લઈ રહ્યા હતા.

* ખંડવાનિવાસી બ્ર. સુબોધબેનના માતુશ્રી ઉમરાવબેન હુકમચંદજી ( વર્ષ-૮૩ ) તા. ૧૫-૧-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

* નાઈરોબીનિવાસી શ્રી મેઘજીભાઈ વાઘજીભાઈ હરીઆ ( -નાઈરોબી મુમુક્ષુ મંડળના ઉપપ્રમુખ શ્રી ભારમલ વાઘજીભાઈ હરીઆના ભાઈ) ( વર્ષ-૬૯ ) તા. ૮-૨-૮૯ ) ના રોજ રાત્રે સોફા ઉપર બેઠા હતા ને એકાએક હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નાઈરોબી મંડળના બહુ જૂના સભ્ય અને કાર્યકર હતા. તત્ત્વની ઘણી રુચિ હતી.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી તેઓએ દેવ ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—૦—

* શબ્દશાસ્ત્રનો વિસ્તાર તો અપાર છે; અને આયુ પણ જો અપાર હોય તો-તો તે બધાનો સુવિચાર કર્તવ્ય છે; પણ આયુ-કાળ તો અતિ-અલ્પ છે ને એકલા શબ્દશાસ્ત્રથી કાંઈ મુક્તિ થઈ જતી નથી; માટે વ્યર્થ કાળ ન ગુમાવતાં પ્રયોજનભૂત તત્ત્વમાં બુદ્ધિ જોડવી.

( શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૬૮ )

* જે ગૃહસ્થ સાધર્મી જીવો પ્રત્યે પોતાની શક્તિ અનુસાર વાત્સલ્ય કરતો નથી તે ધર્મથી વિમુખ થઈને ઘણા પાપ વડે પોતાને આચ્છાદિત કરે છે.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર, શ્લોક-૩૬ )

(તા. ૧૩-૩-૮૯)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અધ્યાત્મસાધનાતીર્થમાં—સુવર્ણપુરી તીર્થક્ષેત્રમાં—દૈનિક ધાર્મિકગતિવિધિ સુચારુરૂપે યથાવત્ પ્રવર્તી રહી છે. પ્રાત: શ્રી જિનેન્દ્રપૂજા પછી ૮ાા થી ૯ાા પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસારના 'કર્તા-કર્મ અધિકાર' પર સત્તરમી વારનું અધ્યાત્મરસપૂર્ણ અદ્‌ભુત ટેઈપ પ્રવચન, બપોરે ૩ થી ૪ શ્રી સમયસાર પર શાસ્ત્રપ્રવચન, ત્યાર પછી જિનમંદિરમાં જિનેન્દ્રભક્તિ, રાત્રે ૭ાા થી ૮ાા પૂજ્ય ગુરુદેવશ્રીનું 'સમયસાર-કળશટીકા' પર ૧૯૬૭નું ભાવવાહી ટેઈપ-પ્રવચન અને ત્યાર પછી ગોગીદેવી બ્રહ્મચાર્યાશ્રમના સ્વાધ્યાયભવનમાં બ્ર૦ બહેનો દ્વારા મહિલા-શાસ્ત્રસભા તેમ જ વિશેષ પ્રસંગો પર આદરણીય પં. હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા-ભક્તિનો મનોજ્ઞ કાર્યક્રમ—એ પ્રમાણે કાર્યક્રમ સુંદર રીતે ચાલી રહ્યો છે.

* પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન શુદ્ધાત્મસાધના સહ સુખ-શાંતિમાં બિરાજે છે. શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે. સ્થાનિક મુમુક્ષુઓ તેમ જ સમાગત મહેમાનો તથા યાત્રાળુઓને તેમનાં પવિત્ર દર્શનનો તેમ જ કોઈક વાર અનુભવરસભીની અનુપમ વાણીનો પણ લાભ મળે છે.

* **સીમંધર અષ્ટાહ્નિક-ઉત્સવ :**—અધ્યાત્મતીર્થક્ષેત્ર સુવર્ણપુરીના 'શ્રી સીમંધર સ્વામી દિગંબર જિનમંદિર'ની મંગલ પ્રતિષ્ઠાનો ૪૯ મો વાર્ષિક આઠ દિવસીય ઉત્સવ પ્રતિવર્ષ અનુસાર મહા વદ ૯, તા. ૨-૩-૮૯, ગુરુવારથી ફાગણ સુદ ૨, તા. ૯-૩-૮૯ ગુરુવાર સુધી 'શ્રી વિશંતિ-વિહરમાન-જિનમંડળ-વિધાન પૂજા', જિનેન્દ્રભક્તિ, તત્ત્વજ્ઞાન ઉપાસના આદિ વિવિધ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. ફાગણ સુદ બીજના દિવસે સવારે ટેપ-પ્રવચન બાદ જિનેન્દ્ર રથયાત્રા નીકળી હતી. આ શુભ પ્રસંગની ખુશાલીમાં શ્રી જડાવબેન નાનાલાલ જસાણી (મુંબઈ) પરિવાર તરફથી સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું.

* **પંચમેરુ-નંદીશ્વર-જિનાલય-વાર્ષિક-મહોત્સવ :**—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અંતર્ગત નવનિર્મિત શ્રી પંચમેરુનંદીશ્વર જિનાલયનો પાંચમો વાર્ષિક પ્રતિષ્ઠા-ઉત્સવ ફાગણ સુદ ૩, શુક્રવાર, તા, ૧૦-૩-૮૯ થી ફાગણ સુદ ૭, સોમવાર, તા. ૧૩-૩-૮૯ સુધી શ્રી પંચકલ્યાણક પૂજન, જિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ મંગલ

પ્રસંગની ખુશાલીમાં શ્રી ભીખાલાલ મગનલાલ શાહ (દહેગામ) પરિવાર હસ્તે શ્રી હીરાભાઈ તરફથી સ્વામીવાત્સલ્ય-ભોજન રાખવામાં આવ્યું હતું.

* **નંદીશ્વર અષ્ટાહ્નિકા** :-અધ્યાત્મવિદ્યાતીર્થ શ્રી સુવર્ણપુરીના ભવ્ય નંદીશ્વર-જિનાલયમાં ત. ૧૪-૩-૮૯, મંગળવાર થી તા. ૨૨-૩-૮૯ બુધવાર સુધી ફાગણ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા શ્રી નંદીશ્વર વિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, તત્ત્વજ્ઞાનોપાસના આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

* **પરમાગમમંદિર-વાર્ષિક-પ્રતિષ્ઠાદિન** :-ફાગણ સુદ ૧૩, સોમવાર, તા. ૨૦-૩-૮૯ના રોજ 'શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિર'ની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ પૂજાભક્તિના વિશેષ સમારોહ પૂર્વક ઉજવવામાં આવશે.

* **માનસ્તંભ-વાર્ષિક પ્રતિષ્ઠાદિન** :-ચૈત્ર સુદ ૧૦, શનિવાર, તા. ૧૫-૪-૮૯ના રોજ માનસ્તંભ પ્રતિષ્ઠાની ૩૭ મી વાર્ષિકતિથિ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે.

* **મહાવીરજયંતી તથા "પરિવર્તન-દિન"** :—ચૈત્ર સુદ ૧૩, મંગળવાર, તા. ૧૮-૪-૮૯ના રોજ શાસનનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જન્મ-કલ્યાણદિન તેમ જ મહાવીર-અધ્યાત્મમાર્ગપ્રભાવક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના "પરિવર્તન"ની ૫૫ મી જયંતી પૂજાભક્તિના વિશેષ સમારોહ પૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા તથા શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ જૈન (મલાડ) તરફથી સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવેલ છે.

* **જન્મશતાબ્દી-મહોત્સવ-નિમંત્રણ-પત્રિકા** :—

જન્મ-શતાબ્દી-મહોત્સવની ભવ્ય નિમંત્ર-પત્રિકાની લેખનવિધિ તા. ૨-૪-૮૯ના રોજ રાખવામાં આવી છે. આ શુભ-અવસર પર મુંબઈ, રાજકોટ, ભાવનગર તેમ જ સૌરાષ્ટ્રના અનેક ગામના મુમુક્ષુઓ પધારશે. જન્મ-શતાબ્દીના આ ભવ્ય મહોત્સવમાં પધારનારા હિન્દી મહેમાનોને માટે તેઓને અનુકૂળ એવી હિન્દી ભોજનવ્યવસ્થા અલગ રાખવામાં આવશે. આ મહા-મંગલ મહોત્સવનો લાભ લેવા પધારનારા સર્વે મુમુક્ષુ-સાધર્મીભાઈઓને વિનતી કે તેઓ કેટલી સંખ્યામાં ક્યારે સોનગઢ પહોંચી રહ્યા છે તેની પૂરી વિગત સાથેના "આવાસ-પત્ર"માં ભરીને તા. ૨૦-૪-૮૯ સુધીમાં શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટને મોકલી આપે. ભોજન તેમ જ આવાસવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

## આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જૈસે જેલમેં પડા હુઆ વ્યક્તિ બન્ધનકે કારણોંકો સુનકર ડર જાતા હૈ ઔર હતાશ હો જાતા હૈ પર યદિ ઉસે મુક્તિકા ઉપાય બતાયા જાતા હૈ તો ઉસે આશ્વાસન મિલતા હૈ ઔર વહ આશાન્વિત હો બંધન-મુક્તિકા પ્રયાસ કરતા હૈ. ઉસી તરહ અનાદિ કર્મબંધનબદ્ધ પ્રાણી પ્રથમ હી બંધકે કારણોંકો સુનકર ડર ન જાય ઔર મોક્ષકે કારણોંકો સુનકર આશ્વાસનકો પ્રાપ્ત હો ઇસ ઉદ્દેશ્યસે મોક્ષમાર્ગકા નિર્દેશ સર્વપ્રથમ કિયા હૈ.

( આચાર્ય અકલંકદેવ, તત્ત્વાર્થવાર્તિક, ભાગ-૧, પાનું-૨૬૬ )

* જેમ કસ્તૂરીઆ મૃગની સમીપ જ કસ્તૂરી છે પરંતુ કસ્તૂરીની સુગંધ નાસિકા દ્વારા ધારણ કરીને જંગલમાં અહીં તહીં ખોળતો ફરે છે–ધસ્યો ધસ્યો દોડે છે, તે જ પ્રમાણે જીવની સમીપ જ જીવથી તન્મયરૂપ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છે છતાં તેને જીવ, આકાશ–પાતાળ–લોકાલોકમાં ખોળે છે, અજ્ઞાની જીવને એ ખબર નથી કે જેને હું શોધું છું તે મારી વસ્તુ તો મારા સમીપ જ છે—મારા સ્વસમ્યગ્જ્ઞાનથી તન્મય છે અથવા હું પોતે જ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છું.

( શ્રી ધર્મદાસ ક્ષુલ્લક, સમ્યગ્જ્ઞાન દીપિકા, પાનું-૯૧ )

* દૈવ ઔર મૃત્યુ દોનોંકા હી નિરાકરણ નહીં હો સકતા તબ રક્ષણ યા શરણકે લિયે કિસીકા ભી અનુસરણ કરના યા કિસીકે સામને દીનતા પ્રકાશિત કરના વ્યર્થ હી હૈ. ક્યોંકિ ન તો કોઈ મેરે ભાગ્યમેં પરિવર્તન કર સકતા હૈ ઔર ન મેરી મૃત્યુકો હી રોક સકતા હૈ. યે દોનોં કાર્ય અવશ્યમ્ભાવી હૈં અત-એવ ઇનકે લિયે ધૈર્યકા અવલંબન લેના હી સતપુરુષોંકો ઉચિત હૈ.

( પં. આશાધર, અનગાર ધર્મામૃત, અધિ.-૬, ગાથા-૬૦ )

* મમતારૂપી લકડી અનેક પ્રકારસે આત્મામેં ચિંતારૂપી અગ્નિ લગા દેતી હૈ. યહ ચિંતારૂપી અગ્નિ આત્મામેં અનંતકાલસે જલ રહી હૈ. ઇસે સમતારૂપ જલકે દ્વારા બુઝાયા જા સકતા હૈ.

( પં. બુધજન, બુધજન-સતસઈ, પદ-૫૪૭ )

# * આવાસ ફોર્મ *

શ્રીમાન પ્રમુખ મહોદય તથા આવાસ કમિટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

સવિનય નિવેદન જે આપણા [illegible] પૂજ્ય કૃપાળુ સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી જન્મ-શતાબ્દી-મહોત્સવ પ્રશમમૂર્તિ ભગવતી માતા બહેનશ્રીની પવિત્ર છત્રછાયામાં સોનગઢ તીર્થધામમાં તા. ૨૯-૪-૮૯ થી ૩-૫-૮૯ સુધી ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે. આ મહોત્સવમાં અમો (નીચેની વિગત મુજબ) લાભ લેવા આવવાના છીએ તેની નોંધ લેશોજી.

| નંબર | નામ | સ્ત્રી/પુરુષ | વર્ષ | સંબંધ |
|---|---|---|---|---|

ઉપર જણાવ્યા મુજબ અમારા માટે આપે આવાસ માટે જે વ્યવસ્થા કરી હોય તે અમને સ્વીકાર્ય છે.

અમો આવીશું :—તા.   -   -૮૯    સમય........    કયા સાધનથી..........

ગામ તથા સરનામું

સહી.........

✻ સર્વ કષાયનમેં માયાકા ફલ બહુત હી પાપકો ઉપજાવે હૈ. જો જીવ નિગોદમેં ઉપજી મહા દુઃખી હોય સો માયાકષાયકા ફલ હૈ ઔર અન્ય જો ક્રોધ, માન, લોભ ઇન કષાયતેં નરક હોય હૈ, નિગોદ નહીં હોય હૈ.
(પં. ટેકચંદજી, સુદૃષ્ટિ-તરંગિણી, પાનું-૫૩૯)

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૨૦૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 3 'Licensed to post without prepayment'

સોનગઢ